રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



લોકભારતી સ્થળ પસંદગી માટે આવળિયાટ તરીકે ઓળખાતી પડતર
જમીનનું નિરીક્ષણ કરતાં સર્વશ્રી નાનાભાઈ, ઢેબરભાઈ, મનુભાઈ, ભીમાબાપા અને જયાબહેન વગેરે...



આવળિયાટ જંગલમાં રચાયું હરિયાળું શિક્ષણ- મંગલ

વર્ષ: ૭૪ અંક : ૧૦ ૧૫ મે, ૨૦૨૧

## વિશ્વભારતી તરફ લોકભારતીનું મંગલાચરણ – ૧

### લોકસેવા મહાવિદ્યાલય અંતર્ગત શરૂ થયેલ સ્વનિર્ભર બી.વૉક.ના વિદ્યાર્થીઓ સાથે વિદેશી યુવા મુલાકાતી વ્યાખ્યાતાઓ દ્વારા જે તે દેશની જીવનશૈલી વિષેની સંવાદ–શ્રેણી



Ms. Nikita Joshi
Inventory Assistant,
Landmark Global,
Calgary, CANADA

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-1

Topic: Case Study of My Organization

Date: 22/04/2021
Time: 8:00am to 10:00am



Digant Devmurari
Brisbane, AUSTRALIA

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-2

Topic: WORK-CULTURE IN AUSTRALIA

Date: 23/04/2021
Time: 8:00am to 10:00am (IST)



Er. Rythm Niranjani
M.E. Hydroscience & Engineering
Technical University Dresden
GERMANY

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-3

Topic: WORK-CULTURE IN GERMANY

Date: 24/04/2021
Time: 3:00pm to 4:30pm (IST)



Mr. Vivek Thacker
London, UK

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-4

Topic: WORK-CULTURE IN THE UK

Date: 28/04/2021
Time: 3:00pm to 4:30pm (IST)



Mr. Jayesh Patel
Abu Dhabi - UAE

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-5

Topic: WORK-CULTURE IN ABU DHABI - UAE

Date: 30/04/2021
Time: 8:00am to 10:00am (IST)



Mr. Khelan Bhatt
Cybersecurity Expert,
California, USA

Lokbharati Lokseva
Mahavidyalaya, Sanosara

Bachelor of Vocation

Subject: Organizational Behaviour

Online Sharing Circle Talk-5

Topic: WORK-CULTURE IN THE USA

Date: 05/05/2021
Time: 9:00am to 10:00am (IST)







# કોડિયું

વર્ષ : ૭૪ | મે : ૨૦૨૧ | અંક : ૧૦

## અનુક્રમણિકા


૦૧ UNICEF કોરોનાના રસીકરણ વિશે શું કહે છે? ...૪૦૨
કોડિયું ટીમ
૦૨ સંગીત પરમ ચૈતન્ય સાથેનો અનુબંધ છેઃ પં.રાજન મિશ્રા ...૪૦૫
સોનલ પરીખ
૦૩ કોરોના સામે 'ટેક્નૉલૉજેશ્વર'નો દશાવતાર ...૪૦૭
વિશાલ ભાદાણી
૦૪ અવૈધિક તાલીમની ખેડ કરનાર એક સ્વાતંત્ર્યસેનાની માનભાઈ ભટ્ટ ...૪૧૧
ડૉ. નાનક ભટ્ટ
૦૫ ગ્રામ વિજ્ઞાન સમિતિઃ હવે વિકાસની રાશ વૈજ્ઞાનિક અભિગમને સોંપીએ? ...૪૧૩
અરુણ દવે
૦૬ શંખ ઘોષની પાંચ કવિતા ...૪૧૫
અનુવાદઃ બ્રિજેશ પંચાલ
૦૭ બાળકાવ્યની બારાખડી ...૪૧૯
કિરીટ ગોસ્વામી
૦૮ 'સતત રિયાઝથી રસ્તો ખૂલે જ છે': અક્ષત પરીખ ...૪૨૨
કોડિયું ટીમ
૦૯ ડૉક્ટર અરવિંદભાઈની અલવિદા ...૪૨૫
મોહન મઢીકર 'આનંદ'
૦૯ સ્વ. બાલુભા ગોહિલ :– લોકભારતીના એક અદના સેવક ...૪૨૭
પ્રશાંત નાનાભાઈ ભટ્ટ
૧૦ પ્રકાશવંત લોકદીવડા ...૪૩૦
પ્રવીણચંદ્ર ઠક્કર
૧૧ જ્ઞાન એટલે સ્વનો સમસ્ત સુધી થતો વિસ્તાર ...૪૩૨
કોડિયું ટીમ
૧૧ તંતુ લંબાવતા રહીએ... ...૪૩૪
મનુભાઈ પંચોળી 'દર્શક'
૧૨ મરક - મરક ...૪૩૬
માર્ક ટ્વેઈન
૧૩ સંસ્થા સમાચાર ...૪૩૭
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## તંત્રી સ્થાનેથી...

### આપણા સૌનું મહાભિનિષ્ક્રમણ

પૂ. નાનાભાઈ ભટ્ટ આંબલાથી સણોસરા આવ્યા અને બુદ્ધ પૂર્ણિમાએ પૂ. મનુભાઈ પંચોળી અને અન્ય સાથીઓ સાથે લોકભારતી નામની ક્રાંતિની શરૂઆત થઈ. શું એમનું દક્ષિણામૂર્તિ — ભાવનગરથી આંબલા અને ત્યાંથી સણોસરા આવવું એ "મહાભિનિષ્ક્રમણ" ન કહેવાય? એક વિચારને તેના શક્ય તેટલા સાત્ત્વિક પાસાંઓ સાથે આત્મસાત કરવો, એમાં અનુભવસિદ્ધ નાવીન્ય ઉમેરવું અને તેનો ઉચિત સાધનો દ્વારા બહુજન સમાજ માટે ઉપયોગ કરવો એ જ તો ખરું 'બુદ્ધત્વ'. આ બ્રહ્માંડના ચાલકબળ તરીકે ઊર્જાનું સતત થતું રૂપાંતરણ-ટ્રાન્સમિશન એક અદભૂત અધ્યાત્મિક ઘટના છે. જો આપણે તેનું વ્યાવહારિક સ્વરૂપ જોવું હોય તો આપણી દાર્શનિક પરંપરાઓમાં ગુરુઓ દ્વારા પેઢી-દર-પેઢી જે જ્ઞાન-દર્શન અપાયું છે તે જ આ ઊર્જાનું ટ્રાન્સમિશન સ્વરૂપ છે. જ્યારે ઓલિમ્પિક રમતોત્સવ શરૂ થાય ત્યારે એક રમતવીર મશાલ લઈને દોડે અને પછી આગળના રમતવીરને આપે (ટ્રાન્સમિટ) જે વળી એને આગળના રમતવીર પાસે લઈ જાય છે. આ સમગ્ર ઘટનામાં બે બાબતો જ મહત્ત્વની છે, એક દોડતાં રહેવું અને બીજું એ મશાલ પ્રજ્વલિત રાખવી.

બુદ્ધ હોય કે નાનાભાઈ, જેમ એક વ્યક્તિનું મહાભિનિષ્ક્રમણ હોય એમ એક ક્રાંતિકારી વિચારનું પણ હોય છે. ગાંધીજીથી લઈને નાનાભાઈ, ગિજુભાઈ, મનુભાઈ, બુચભાઈ, મૂળશંકરભાઈ વગેરે સંતોએ નઈ તાલીમનો એક વિચાર સામૂહિક શ્રદ્ધા અને કાર્ય દ્વારા પ્રજ્વલિત રાખ્યો છે અને હવે એ મશાલ આપણા હાથમાં સોંપી છે. 'આપણે' એટલે ગાંધી-વિનોબા-અરવિંદ-ટાગોર અને સર્વાંશે સર્વોદયી વિચાર સાથે કામ કરનારા સૌ. હવે આપણે દોડતાં-દોડતાં (સાત્ત્વિક અને સામૂહિક કર્મ દ્વારા) આ વિચાર-મશાલને આવતી પેઢીના હાથમાં સોંપવાની છે. આપણામાંના કેટલાકે એમાં અનુભવસિદ્ધ જરૂરી નાવીન્ય ઉમેરીને તેનું તેજ વધારવાનું છે તો વળી કેટલાકે તેનું રક્ષણ કરવાનું છે. બેમાંથી જે કામ જેને રુચે-ફાવે-ગમે તે કરવાનું છે. જ્યાં સુધી ક્યાંય પણ થોડું પણ અંધારું છે, ત્યાં સુધી આ અજવાળું આગળ પ્રસારવું જોઈએ. વ્યક્તિગત ધોરણે દરેકે પોતાના આત્માની સચ્ચાઈનું તેલ આમાં ઉમેરતા રહેવાનું છે જેથી કોઈ ઠાલો પવન એને બુઝાવી ન શકે.

અત્યારે આપણામાંથી જેમની પાસે પણ આ મશાલ છે એમણે આત્મચિંતન કરવાનું છે કેઃ (૧) શું આ વિચારને સાત્ત્વિક પાસાંઓ સાથે આત્મસાત કર્યો છે? (૨) શું એમાં જરૂરી નાવીન્ય ઉમેરીએ છીએ ખરા? (૩) શું બહુજનહિતાય માટે તેનો ઉપયોગ કરીએ છીએ અને (૪) આપણાં સાધનો અને પ્રક્રિયાઓ ઉચિત અને સરળ છે? આ પ્રત્યેક પ્રશ્ન આપણને એક અલગ સભાનતા અને જાગૃતિ બક્ષે છે. આ જાગૃતિ બુદ્ધત્વને પામવાની જડીબુટ્ટી છે. આ જ તો આપણા સૌનું સહિયારું મહાભિનિષ્ક્રમણ છે!

જેમ ઓલમ્પિકના રમતવીરો એકબીજાને ઓળખતા ન હોય એ સંભવ છે, પણ તેઓ જ્યોતને બરાબર ઓળખે છે. શક્ય છે આવનારી પેઢી કે જેને આ સોંપવાનું છે એ નઈ તાલીમનો ભવ્ય ભૂતકાળ જાણતી ન હોય, કદાચ એવું પણ બને કે એણે નઈ તાલીમ શબ્દ પણ ન સાંભળ્યો હોય પણ જો એની આંખોમાં આ વિચાર-જ્યોતની જ્વાળા સ્પષ્ટ દેખાતી હોય તો એ મશાલ લેવાને પાત્ર છે. નાનાભાઈ ભટ્ટની આ વિચારમાં રહેલી અતૂટ અને અખૂટ શ્રદ્ધા એ જ એમનું બુદ્ધત્વ છે! વિશ્વ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું આપણા સૌ વચ્ચે ખળખળ વહેતું રહે અને શુભ મંગલ હો એવી આ બુદ્ધ પૂર્ણિમાએ પ્રાર્થના.

આ બુદ્ધ પૂર્ણિમાએ આપણે આ દિશામાં વિચાર-પગ માંડીએ...

— અરુણ દવે

## UNICEF કોરોનાના રસીકરણ વિશે શું કહે છે?

કોડિયું ટીમ
kodiyusanosara@gmail.com

**૧. શું COVID-૧૯ રસી સલામત છે?**

હા. જો કે COVID-૧૯ રસીઓ શક્ય તેટલી ઝડપથી વિકસિત કરવામાં આવી રહી છે, તેઓએ સલામતી અને અસરકારકતા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સંમત થયેલા ગુણવત્તા ધોરણો પૂર્ણ કરે છે અને તેના માટે ક્લિનિકલ ટ્રાયલ્સમાં જે સખત પરીક્ષણ કરવું જ પડે એ તમામ કરવામાં આવ્યું છે. જો રસી બનાવતી સંસ્થાઓ આ ધોરણોને પૂર્ણ કરે તો જ રસી WHO અને રાષ્ટ્રીય નિયમનકારી એજન્સીઓ પાસેથી માન્યતા મેળવી શકે છે.

યુનિસેફ ફક્ત એવી જ કોવિડ-૧૯ રસીઓ જ ખરીદીને સપ્લાય કરે છે જેને જે ડબ્લ્યુ.એચ.ઓ.ની સ્થાપિત સલામતી અને અસરકારકતાના માપદંડને પૂર્ણ કરે છે અને જેને જરૂરી નિયમનકારી મંજૂરી મળી છે.

**૨. COVID-૧૯ રસી કેવી રીતે ઝડપથી વિકસાવવામાં આવી?**

સંશોધન અને વિકાસમાં અભૂતપૂર્વ રોકાણ અને વૈશ્વિક સહકારને કારણે આજે વૈજ્ઞાનિકો રેકોર્ડ સમયમાં COVID-૧૯ સામે સલામત અને અસરકારક રસી વિકસાવવામાં સમર્થ રહ્યાં છે. આ પ્રક્રિયામાં ગુણવત્તાનાં તમામ સલામતી ધોરણો જાળવવામાં આવ્યાં છે.

**૩. કઈ કોવિડ -૧૯ રસી મારા માટે શ્રેષ્ઠ છે?**

ડબ્લ્યુ.એચ.ઓ.-માન્યતા પ્રાપ્ત બધી રસીઓ તમને COVID-૧૯થી ગંભીર બીમારીથી બચાવવા માટે ખૂબ અસરકારક હોવાનું દર્શાવવામાં આવ્યું છે. અત્યારે જે સૌથી સરળતાથી ઉપલબ્ધ છે એ જ રસી તમારા માટે શ્રેષ્ઠ છે!

**૪. શું કોવિડ-૧૯ રસી વાયરસના નવા રૂપો (Variant) સામે કામ કરશે?**

ડબ્લ્યુ.એચ.ઓ. કહે છે કે આજની તારીખે મંજૂરી અપાયેલી રસીઓ નવા રૂપો સામે થોડી-ઘણી સુરક્ષા પૂરી પાડશે એવું અપેક્ષિત છે.

વિશ્વવ્યાપી નિષ્ણાતો સતત અભ્યાસ કરી રહ્યા છે કે કેવી રીતે નવા રૂપો વાયરસના વર્તનને અસર કરે છે અને તેમાં COVID-૧૯ રસીઓ કેટલી અસરકારક સાબિત થઈ શકશે. જો આમાંથી એક અથવા વધુ રૂપો સામે કોઈપણ રસી ઓછી અસરકારક લાગે, તો તેની સામે રક્ષણ માટે રસીઓની રચનામાં ફેરફાર કરવાનું શક્ય બનશે. ભવિષ્યમાં, બૂસ્ટર શોટનો ઉપયોગ અને અન્ય ફેરફાર જરૂરી બની શકે છે. પરંતુ તે દરમિયાન, રસીકરણ કરાવી અને વાયરસના ફેલાવાને ઘટાડવાનાં પગલાં ચાલુ રાખવાનું મહત્ત્વનું છે - જે શારીરિક અંતર, માસ્ક પહેરવાનું, સારું વેન્ટિલેશન, નિયમિત હેન્ડવોશિંગ અને વાયરસના પરિવર્તનની શક્યતા ઘટાડવામાં મદદ કરે છે. જો તમને લક્ષણો હોય તો વહેલા કાળજી લેવી.

**૫. પહેલા કોને રસી આપવી જોઈએ?**

હાલમાં(૨૦૨૧) આખી દુનિયાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી ઉત્પાદન ક્ષમતા નથી, તેથી દરેક જણ એક જ સમયે રસી મેળવી શકશે નહીં. એટલે બધાં જ રાષ્ટ્રોએ અગ્રતા વસ્તીને ઓળખવી આવશ્યક છે, જેના WHO દ્વારા ફ્રન્ટલાઇન આરોગ્ય કર્મચારીઓની ભલામણ કરે છે કેમ કે એ લોકો COVID-૧૯ને કારણે મૃત્યુનું સૌથી વધુ જોખમ ધરાવે છે. આ સિવાય વૃદ્ધો અને અમુક બીમારી ધરાવતા લોકોનો પણ સમાવેશ કરવો. અન્ય જરૂરી કામદારો, જેમ કે શિક્ષકો અને સામાજિક કાર્યકરો, ત્યારબાદ વધુ રસીકરણ ડોઝ ઉપલબ્ધ થતાં વધારાના જૂથો દ્વારા અગ્રતા આપવી જોઈએ.

**૬. તમારે COVID-૧૯ની રસી ક્યારે લેવી જોઈએ નહીં?**

જો તમને કોઈ COVID-૧૯ રસી લેવી જોઈએ કે કેમ તે વિશે કોઈ પ્રશ્નો હોય, તો તમારા ડૉક્ટર સાથે વાત કરો. હાલમાં, નીચેની સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા લોકોએ કોઈપણ સંભવિત પ્રતિકૂળ અસરોને ટાળવા માટે કોવિડ-૧૯ રસી ન લેવી જોઈએ:

જો તમારી પાસે કોઈ COVID-૧૯ રસીના કોઈપણ ઘટકોની ગંભીર એલર્જીનો ઇતિહાસ છે. જો તમે હાલમાં બીમાર છો અથવા કોવિડ-૧૯નાં લક્ષણો અનુભવી રહ્યા છો(જો કે તમે સ્વસ્થ થયા પછી, તમારા ડૉક્ટરની સલાહ પ્રમાણે રસી લઈ શકો છો).

**૭. જો મને અગાઉ કોરોના થયો હોય, તો મારે રસી લેવી જોઈએ?**

હા, તમારે રસીકરણ કરાવવું જોઈએ. જ્યારે લોકો COVID-૧૯થી સ્વસ્થ થાય છે ત્યારે તેમનામાં વાયરસ પ્રતિ લડવાની થોડી કુદરતી રોગપ્રતિકારક શક્તિનો વિકાસ થાય છે. અલબત, હજી સુધી આપણે જાણતા નથી કે એ પ્રતિકાર શક્તિ કેટલો સમય ચાલે છે અથવા તમે કેટલા સુરક્ષિત છો. રસી વધુ વિશ્વસનીય રક્ષણ આપે છે.

**૮. જો હું સ્તનપાન કરાવું છું તો મારે COVID-૧૯ રસી લેવી જોઈએ?**

સંશોધનકારો હાલમાં સ્તનપાન કરાવતી મહિલાઓમાં COVID-૧૯ રસીકરણનો અભ્યાસ કરી રહ્યા છે, એટલે આ સમયે એના પર હજી મર્યાદિત માહિતી છે. ડબ્લ્યુ.એચ.ઓ. સલાહ આપે છે કે જો રસી આપતી મહિલા રસીકરણ માટે અગ્રતા જૂથનો ભાગ હોય (ડોક્ટર, નર્સ, શિક્ષક વગેરે) તો રસી આપવી. રસીકરણ પછી સ્તનપાન ચાલુ રાખી શકાય છે; તમારા બાળકને રોગોથી બચાવવા અને તેને સ્વસ્થ રાખવા માટેનો એક શ્રેષ્ઠ માર્ગ છે.

**૯. જો હું ગર્ભવતી હોઉં તો મારે COVID-૧૯ની રસી લેવી જોઈએ?**

જો કે કોવીડ-૧૯થી ગંભીર માંદગીનું એકંદર જોખમ ઓછું રહે છે. પણ સગર્ભાવસ્થા તમને અન્ય મહિલાઓની તુલનામાં ગંભીર બીમારીના જોખમમાં મૂકે છે.

સગર્ભા સ્ત્રીઓમાં COVID-૧૯ રસીકરણની સલામતી અને તેની અસરોને સમજવા માટે સંશોધન હજુ પણ ચાલુ છે, પરંતુ એવું કોઈ જાણીતું કારણ નથી કે જે સગર્ભા સ્ત્રીઓ માટે રસીકરણના ફાયદાઓ કરતાં મોટું હોય. આ કારણોસર, એવી સગર્ભા સ્ત્રીઓને(દા.ત. આરોગ્ય કર્મચારીઓ) કે જેઓ COVID-૧૯ના સંપર્કમાં આવવાનું જોખમ વધારે છે અથવા જેમને આરોગ્યને લગતી કોઈ સમસ્યાઓ છે જે તેમના ગંભીર રોગના જોખમમાં વધારો કરે છે, તેમને ડોકટરના નિરીક્ષણ હેઠળ રસી આપી શકાય છે.

**૧૦. શું COVID-૧૯ રસી પ્રજનનક્ષમતાને અસર કરી શકે છે?**

ના, તમે સોશિયલ મીડિયા પર ખોટા દાવાઓ જોયા હશે, પરંતુ કોઈ પુરાવા નથી કે કોવિડ-૧૯ સહિતની કોઈપણ રસી સ્ત્રીઓ અથવા પુરુષોમાં પ્રજનન શક્તિને અસર કરે છે. જો તમે હાલમાં ગર્ભવતી બનવાનો પ્રયત્ન કરી રહ્યાં છો, તો તમારે કોવિડ-૧૯ રસી પ્રાપ્ત કર્યા પછી ગર્ભાવસ્થા ટાળવાની જરૂર નથી.

**૧૧. શું મારા બાળકને COVID-૧૯ની રસી લેવી જોઈએ?**

બાળકોની રોગપ્રતિકારક શક્તિ પુખ્ત વયના લોકો કરતા જુદી હોય છે અને તેમની ઉંમરના આધારે નોંધપાત્ર બદલાઈ શકે છે. હાલમાં, WHO માન્ય COVID-૧૯ રસીઓની ભલામણ ૧૬-૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિ માટે નથી. પછી ભલે તે ઉચ્ચ જોખમ ધરાવતા જૂથના હોય. બાળકોને COVID-૧૯ રસી માટેના પ્રારંભિક પરીક્ષણોમાં સામેલ કરવામાં આવ્યા ન હતા, તેથી હાલમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે રસીની સલામતી અથવા તેની અસરકારકતા વિશે મર્યાદિત અથવા કોઈ ડેટા નથી. વધુ સંશોધનની જરૂર છે અને આગળ જતાં અમે ટ્રાયલને આધારે ભલામણો અપડેટ કરીશું.

તેમ છતાં, તમારું બાળક નિયમિતપણે બાળપણની રસી લેવાનું ચાલુ રાખે એ તમારે સુનિશ્ચિત કરવાનું છે.

**૧૨. કોરોના રસી વિશેના ખોટા સમાચારો બાબતે મારે શું કરવું જોઈએ?**

અત્યારે ઇન્ટરનેટ પર રસીને લગતી ઘણી અફવાઓ ચાલે છે. તમારી પાસે આવી કોઈપણ અફવા આવે એટલે તમે તમારી સ્થાનિક આરોગ્ય સત્તા, યુ.એન., યુનિસેફ, ડબ્લ્યુ.એચ.ઓ. જેવા વિશ્વસનીય સ્રોતોથી ચકાસાયેલ તથ્યો અને સલાહ મેળવો. જો તમને એવી ઓનલાઈન સામગ્રી દેખાય છે જે તમે ખોટી કે ગેરમાર્ગે દોરતા હોવાનું લાગે, તો તમે તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાણ કરીને તેને ફેલાવવાનું રોકવામાં મદદ કરી શકો છો.

**૧૩. શું કોવિડ-૧૯ રસી તમારા ડી.એન.એ.ને અસર કરી શકે છે?**

ના, કોઈ COVID-૧૯ રસી કોઈ પણ રીતે તમારા ડી.એન.એ.ને અસર કરતી નથી અથવા તેની સાથે સંપર્ક કરી શકતી નથી.

**૧૪. COVID-૧૯ રસીઓમાં તેમાં કોઈ પ્રાણીના અંશો છે?**

ના, WHO માન્ય COVID-૧૯ની કોઈપણ રસીમાં પ્રાણીના કોઈ અંશો નથી.

**૧૫. જ્યાં સુધી આપણે બધાને COVID-૧૯ની રસી ન મળે ત્યાં સુધી હું મારા કુટુંબનું રક્ષણ કેવી રીતે કરી શકું?**

સલામત અને અસરકારક રસી એક નિર્ણાયક ભૂમિકા ભજવશે, પરંતુ તે હજી પણ સ્પષ્ટ નથી કે આ રસી આપણને કઈ ડીગ્રીના સંક્રમણ સામે સુરક્ષિત કરી શકે છે. અત્યારે, એક વાર રસી અપાય પણ જાય તો પણ આપણે આપણી જાતને અને બીજાના રક્ષણ માટે સાવચેતી રાખવી ચાલુ રાખવાની જરૂર છે. આમાં માસ્ક પહેરવા, શારીરિક અંતર અને નિયમિત હેન્ડવોશિંગ સામેલ છે.

- ૬, એપ્રિલ ૨૦૨૧.

https://www.unicef.org/coronavirus/what-you-need-to-know-covid-vaccine

## ૦૨. સાંપ્રત

### સંગીત પરમ ચૈતન્ય સાથેનો અનુબંધ છેઃ પં.રાજન મિશ્રા

**સોનલ પરીખ**
sonalparikh1000@gmail.com

---

એપ્રિલ મહિનાના અંતિમ દિવસોમાં પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રાએ છેલ્લો શ્વાસ લીધો અને શાસ્ત્રીય સંગીતની દુનિયામાં હાહાકાર થઈ ગયો. કોરોનાએ ૭૦ વર્ષની ઉંમરે એમનો ભોગ લીધો.

શાસ્ત્રીય સંગીતની દુનિયાના દિગ્ગજ પંડિત રાજન-સાજન મિશ્રા એટલે બે શરીર, એક આત્મા. સ્ટેજ પરફૉર્મન્સ હોય કે આલ્બમ્સ, સાડા ત્રણસો વર્ષ જૂની સંગીત પરંપરા હોય કે દહેરાદૂનનું વિરામ ગુરુકુલ, ઈન્ટરવ્યૂ હોય કે દીકરાઓની તાલીમ, ભક્તિ હોય, સંગીત સાધના હોય કે પછી જંગલો-પહાડોમાં રખડપટ્ટી, જોક્સ-ખડખડાટ હાસ્ય, સરસ ફિલ્મો કે ક્રિકેટ-ફૂટબૉલ જેવી મજાઓ હોય - મિશ્રા ભાઈઓ સાથે જ હોય. એકલા એક ભાઈને કોઈએ કદી જોયા નહીં હોય. રેશમી કૂર્તા-ધોતી હોય કે કલાત્મક શાલ કે ક્વચિત આધુનિક પોષાક — બન્ને એકસરખાં વસ્ત્રોમાં શોભતા હોય, ને 'જુગલબંદી એઝ બ્યુટિફુલ એઝ સોલો' એવા શબ્દોથી પ્રશંસકો અને કલાવિવેચકો એમને નવાજતા હોય.

પચાસ વર્ષની કારકિર્દીમાં દોઢસોથી વધારે રાગની રજૂઆત ભારતમાં અને વિદેશોમાં અસંખ્ય કાર્યક્રમો દ્વારા કરનાર મિશ્રા ભાઈઓ એટલી હદે એક હતા કે એમણે કરેલી એકમાત્ર બોલિવૂડ ફિલ્મ 'સૂરસંગમ'નાં ગીતોમાં સંભળાતો હોય એક જ પુરુષકંઠ, પણ નામ લખ્યું હોય રાજન-સાજન મિશ્રા. આવી આ જોડી ખંડિત થઈ એ સમાચારથી ખૂબ ઉદાસ થઈ જવાય. પણ એમનાં ઈન્ટરવ્યૂ જોઈને, એમના વિશે જાણી-વાંચીને અને ખાસ તો એમને સાંભળીને એક અજબ પ્રસન્ન, ચકિત કરતી અનુભૂતિ જાગે : આ યુગમાં આવા લોકો, આવી સાધના, આવી ગાયકી અને આવી ભરપૂર, કલાસમૃદ્ધ જિંદગી પણ સંભવિત છે!

૧૯૫૧માં વારાણસીમાં પંડિત રાજન મિશ્રાનો અને ૧૯૫૬માં સાજન મિશ્રાનો જન્મ. સંગીતની દુનિયામાં જ આંખ ખૂલી. દાદા બડે રામદાસજી સંત ગાયક કહેવાતા. ગંડાબંધન એમણે કર્યું અને તાલીમ આપી પિતા હનુમાન મિશ્રા અને કાકા ગોપાલ મિશ્રાએ. એમનો જ વિચાર હતો કે બન્ને ભાઈઓએ સાથે જ પરફૉર્મ કરવું. 'સાથ રહો, સાથ ગાઓ. પ્રેમ બઢેગા.' 'આ સંસ્કારને કારણે અમારા વચ્ચે સ્પર્ધાનો ભાવ કદી નથી આવ્યો, હંમેશાં એકબીજા પ્રત્યે પ્રેમ અને એકબીજાની પ્રતિભા પ્રત્યે આદર રહ્યા છે. અમે અમારા સાથે હોવાને માણ્યું છે — પછી એ સંગીત હોય કે પરિવાર. અમારું સંયુક્ત કુટુંબ હજી એક જ રસોડે જમે છે.' પત્નીઓના મૌન મજબૂત આધાર વગર આ ન થાય. રિતેશ, રજનીશ અને સ્વરાંશ, મિશ્રા ભાઈઓના દીકરાઓ 'પિતાજી લોકો'ને સંગીતના દેવતા કહે છે. 'અમે પચીસ વર્ષથી પિતાજી લોકોની સંગત કરીએ છીએ. દરેક પરફૉર્મન્સ નવો અનુભવ હોય છે. સફર ઘણી સુખદ છે, તૃપ્ત કરનારી છે; પણ મહાન પિતાના પુત્ર થવું એ એક પડકાર છે. લોકોની અપેક્ષા અતિશય વધારે હોય છે.'

એ સમયે શાસ્ત્રીય સંગીતથી ભવિષ્ય બનશે કે કેમ એવી આશંકાથી સંગીતકારોના દીકરાઓ ઉચ્ચ શિક્ષણ લેતા થયા હતા. રાજનજીએ સોશ્યોલોજીમાં એમ.એ. કર્યું અને સોશ્યલ વેલ્ફેર ક્ષેત્રે થોડો વખત કામ પણ કર્યું, પછી સદગુરુ જગજિતસિંહની પ્રેરણાથી જીવન સંગીતને અર્પણ કર્યું. ૧૯૭૭માં ઓલ ઇન્ડિયા રેડિયોમાં જોડાયા. સાજનજી પણ એમને અનુસર્યા. જોતજોતામાં બન્ને ભારતભરમાં છવાઈ ગયા, સવાઈ ગંધર્વ ફેસ્ટિવલ ગજવ્યું, ૧૯૭૮માં શ્રીલંકામાં દસ લાખ શ્રોતાઓ સામે પરફૉર્મ કરી સંગીતને વિદેશોમાં લઈ જવાની શરૂઆત કરી, અનેક પ્રતિષ્ઠિત અવૉર્ડ-સન્માન અંકે કર્યાં. 'ભૈરવથી ભૈરવી' શ્રેણી લઈ ૧૩ દેશોની ટૂર કરી. 'સંગીત સાર્વત્રિક ભાષા છે. બધા સીમાડા ભૂંસી નાખે અને આત્માને આત્મા સાથે જોડી આપે.' તેઓ કહે છે. પણ સંગીત એટલે માત્ર મનનું રંજન નહીં. સંગીતને કઈ રીતે સાંભળવું, સમજવું, અનુભવવું એ પણ એક કૌશલ માગી લે. 'લિવિંગ વિથ મ્યુઝિક' પ્રોગ્રામમાં તેઓ એની

તાલીમ આપતા.

પંડિત રાજન-સાજન મિશ્રા સાડાત્રણસો વર્ષ પુરાણી ખ્યાલ ગાયકીની વર્તમાન કડી છે. પંડિત રાજન મિશ્રા કહેતા, 'ખ્યાલ ગાયકી અધ્યાત્મ સાથે જોડાયેલી છે. પણ તેને વર્ણવવા હું એક જ શબ્દ વાપરું — ઇમેજિનેશન. ચાર લીટીના વર્ણનને રાગના સ્વરૂપની સીમા જાળવીને અસીમ બનાવનારી નિપુણ કલ્પના હોય ત્યારે ખ્યાલ સિદ્ધ થાય. લગના ચાહિયે જૈસે પ્રકૃતિ અપને પંખ ફૈલાકર સ્વરો કે સમંદર પર લહરા રહી હો…'

પ્રકૃતિ પાંખ ફેલાવી સ્વરસમુદ્ર પર લહેરાતી હોવાનો અનુભવ ફિલ્મી ગીત આપી શકે? હા, જો એ ગીતો ફિલ્મ 'સૂર સંગમ'નાં હોય અને જો તેને ગાનાર પં. રાજન-સાજન મિશ્રા હોય, તો. પણ વિખ્યાત તેલુગુ એપિક ફિલ્મ 'શંકરાભરણમ્' પરથી હિંદીમાં બનેલી, એટલી જ ઉત્કૃષ્ટ ફિલ્મ 'સૂર સંગમ'નો વાંક એટલો કે તે હિમ્મતવાલા પ્રકારની ફિલ્મોના યુગમાં રિલિઝ થઈ અને ટિપિકલ રોમેન્ટિક, એકશન કે મનોરંજક પ્રકારમાં બંધ ન બેઠી. એ તો હતી સંગીતના સથવારે સાધના, સમર્પણ અને પ્રેમભક્તિની અલગ જ દુનિયામાં લઈ જતી ફિલ્મ. આપણા કમનસીબે ખોવાઈ ગઈ, પણ એનાં ગીતો બચી ગયાં છે અને આ ગીતો પણ એક જુદી દુનિયામાં લઈ જવા સક્ષમ છે.

'સૂર સંગમ'નું મુખ્ય પાત્ર છે પંડિત શિવશંકર શાસ્ત્રી(ગિરિશ કર્નાડ). સંગીતને જ સાધના, ઉપાસના, સ્વયં ઈશ્વર સમજતા શાસ્ત્રીજી ગાય છે, 'હરિ અનંત હરિરૂપ અનંતા કૈસે કોઈ ધ્યાવે, રાગરાગની કે સૂર સૂરમેં હરિ નિજ રૂપ દિખાયા, ઘટ મેં ગૂંજા નાદ નિરંતર, જ્યોત જલી અંતર મેં, સૌ સૂરજ કે ઉજિયાલે મેં મૈંને મુઝકો પાયા' સંગીતના આ દિવ્ય-ભવ્ય વારસાને બદલાતા જતા સમયમાં કોણ ઝીલી શકશે એ શાસ્ત્રીજીની ચિંતા છે. એક નૃત્યાંગના તુલસી(જયા પ્રદા) ચૂપચાપ શાસ્ત્રીજીને પૂજે છે. પોતે દૂર રહે છે, પણ નાનકડા દીકરાને શાસ્ત્રીજીની સેવામાં મોકલે છે. દીકરો ગુરુપરંપરાને શોભાવે એવી શ્રદ્ધાભક્તિથી સેવા કરે છે, શીખે છે અને ફિલ્મના અંતે શાસ્ત્રીજીનો સાચો વારસ સિદ્ધ થાય છે.

'સૂર સંગમ'નાં ગીતો અને સંવાદો વસંત દેવે લખ્યાં હતાં. સંગીતકાર હતા લક્ષ્મીકાંત-પ્યારેલાલ. એક એકથી ચડિયાતાં બધાં જ ગીતો પંડિત રાજન-સાજન મિશ્રાએ ગાયાં હતાં. ગીતો પણ કેવાં, જાણે શાસ્ત્રીજીના મુખે પંડિત રાજન-સાજન મિશ્રાની જ જીવનભાવના વ્યક્ત ન થતી હોય : 'હે શિવશંકર, હે કરુણાકર, પરમાનંદ મહેશ્વર, મેરે ભીતર તુમ ગાતે હો, સુન લો તુમ અપના યે સ્વર', 'નાદ છિપા તન મેં, લય મન મેં, કોઈ બતા ન પાવે, ચાંદ સૂરજ કા લોચન ગુરુ કા, દેખે ઔર દિખાવે', 'આયે સૂર કે પંછી આયે, અંબર કે ઓમકાર નાદ કી ગુંજ સુનાતે આયે' 'સૂર કા હૈ સોપાન સુરીલા, અમર લોક લે જાયે, જહાં પહૂંચ કર મન કા સારા દૂજાપન મિટ જાયે' એક એક ગીત પર - તેની શબ્દ-ભાવસૃષ્ટિ અને શાસ્ત્રીય ખૂબીઓ પર એક એક લેખ થઈ શકે. એ વર્ષનો શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો ફિલ્મફેર અવૉર્ડ વસંત દેવને મળ્યો ખરો, પણ તે આ ગીતો માટે નહીં, 'ઉત્સવ'ના 'મન ક્યોં બહકા રે બહકા આધી રાત કો' માટે. લક્ષ્મી-પ્યારે સંગીતકાર તરીકે નૉમિનેટ થયા. આ સિવાય ફિલ્મ ક્યાંય દેખાઈ નહીં.

ખેર, ગ્લેમર વિશ્વમાં તો આ બધું ચાલવાનું. આપણે કલાવિશ્વમાં આવીએ. પંડિત રાજન-સાજન મિશ્રા ગુરુ પરંપરાને ખૂબ મહત્ત્વ આપે છે. પંદરવીસ વર્ષ સાધના કરે ત્યારે શિષ્ય તૈયાર થાય છે. પંડિત ભાઈઓ કહેતા કે આજના રિયાલિટી શોમાં પ્રતિભાઓ છે, પણ તકલીફ એ છે કે દરેકને પ્રસિદ્ધ થવાની ઉતાવળ છે. તેઓ થોડાં નામ-દામ મેળવે ખરાં, પણ કશું સિદ્ધ ભાગ્યે જ કરી શકે.'

૧૮ વર્ષથી દહેરાદૂનમાં તેઓ 'વિરામ' ગુરુકુલ ચલાવે છે. 'સંગીત આજે વ્યાવસાયિક બન્યું છે. કન્ઝ્યૂમર કલ્ચરનો વધતો પ્રભાવ સંગીતમાં પણ દેખાય એ દુઃખદાયી તો છે, પણ અમને પૂરી આશા છે. શાસ્ત્રીય સંગીત એમ મરશે નહીં, સંગીતના કેટલાય પ્રકારો-પ્રવાહો આવ્યા અને ગયા, પણ શાસ્ત્રીય સંગીતની અમૃતધારા લીલીછમ વહેતી રહી છે, કેમ કે તેનો સંબંધ પ્રકૃતિ સાથે, મનુષ્યત્વ સાથે, પરમ તત્ત્વ સાથે છે.'

'સાધ રે મન સૂર કો સાધ રે, એક મન કો દૂસરે સે બાંધ રે, મન યહી તૂ ધ્યાન રખ, સૂર કી સહી પહચાન રખ, તૂ રહે યા ન રહે પર સૂર રહે આબાદ રેપસાધ રે મન, સૂર કો સાધ રે…' આ બુલંદ તાન એમના ચાહકોના અસ્તિત્વમાં હંમેશાં ગુંજતી રહેશે.

- સોનલ પરીખ ('જન્મભૂમિ પ્રવાસી' ૨-૫-૨૦૨૧માં પ્રગટ થયેલો લેખ)

## ૦૩. વિજ્ઞાન અને ટેકનોલજી

### કોરોના સામે 'ટેક્નૉલૉજેશ્વર'નો દશાવતાર

**વિશાલ ભાદાણી**
vishalvbhadani@gmail.com

---

એક વાત હવે સ્પષ્ટ છે, આપણા ઈશ્વરની સાથે એક સમાંતર ઈશ્વરની કલ્પના કરવી જોઈએ. આપણા એક ઈશ્વર આપણને આત્માની ઉન્નતિ અને ભવભવના ફેરામાંથી બહાર નીકળવામાં મદદ કરશે, તો એ દરમિયાન એક બીજા નાના ઈશ્વર પણ જોઈશે જે આ આખીય પ્રક્રિયા બને તેટલી ઓછી કષ્ટદાયક બને તે માટે આપણને તૈયાર કરશે. એ ઈશ્વરને હાલ પૂરતું 'ટેક્નૉલૉજેશ્વર' નામ આપીએ. જેમ આપણા ઈશ્વરના અવતારો છે એમ આ ટેક્નૉલૉજેશ્વરના દશાવતાર નીચે પ્રમાણે છેઃ

**૧. અવતાર-1: આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ (AI)**

દુનિયામાં પ્રથમ વખત કોઈ બીમારીનું રીયલ ટાઈમ ટ્રેકિંગ કરવાનું આટલાં વ્યાપક સ્તરે શક્ય બન્યું હોય તો તે આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સને કારણે બન્યું છે. જેને પરિણામે આપણે સૌએ WHOની વેબસાઈટ પર ક્યા દેશમાં કેટલા કેસીસ છે, એમાં મૃત્યુ દર કેટલો છે અને કઈ ઉંમરના લોકોને વધુ થાય છે, કઈ બીમારીના લોકોને વધુ અસર થાય છે આ બધું જ રોજેરોજ જાણી શક્યા છીએ. વૈશ્વિક ડેટાને આધારે WHO માટે તાત્કાલિક અને લાંબા ગાળાની આગાહીઓ કરવાનું સરળ બન્યું. આંતરરાષ્ટ્રીય સ્તરે 'વૈશ્વિક મહામારી' જાહેર કર્યાના એક અઠવાડિયા પહેલાં જ AI દ્વારા આ વાઈરસ ચાઈનાની બહાર જઈ શકે એના પૂરતાં આંકડાઓ આપ્યા હતા. આ ઉપરાંત વિવિધ દેશોમાં કોરોના સામે જે દવાઓ ઉપયોગમાં લેવામાં આવી રહી છે તેનો ડેટાબેઝ તૈયાર કરીને તેના આધારે કઈ દવા કેટલી અસરકારક છે તેની ચોક્કસ અને ઝડપી માહિતી AI આપી રહ્યું છે. WHO સાથે મળીને ગૂગલ, ફેસબુક. ટ્વિટર જેવી કંપનીઓએ મહામારીને લગતા ફેઈક ન્યુઝને ઝડપથી ઓળખીને ઈન્ટરનેટ પરથી દૂર કરવાનું કામ પણ AIની મદદથી કર્યું છે. અત્યારે પણ રસીકરણના કાર્યક્રમો AIને લીધે ઘણા ઝડપી અને અસરકારક બન્યા છે.

**૨. અવતાર-2: બ્લોક ચેઈન**

કોરોના કેવી રીતે ફેલાઈ રહ્યો છે? દવાઓ ક્યાંથી ક્યાં જઈ રહી છે? આ આખીય મહામારીનું વ્યવસ્થાપન બરાબર કરવા માટે કેટલા રૂપિયા ક્યાંથી આવ્યા? મેડિકલ વીમા કંપનીઓ, દાતાઓ, એન.જી.ઓ. વગેરેના આંતરિક વ્યવહારો કેવા રહ્યા છે? આ બધું જો સ્પષ્ટ રીતે જાણી શકાય તો આવી કોઈપણ મહામારીનો સામનો કરવામાં માનવજાત કાયમ તૈયાર રહી શકે. આ બધું જ 'બ્લોક-ચેઈન' દ્વારા શક્ય છે. અનેક સંસ્થાઓ દ્વારા મેડિકલ અને નાણાંકીય તથ્યો, આંકડાઓ અને અન્ય માહિતીની ઝડપી અને સુરક્ષિત આપ-લે માટે બ્લોક-ચેઈન આશીર્વાદ છે. આ ટેક્નૉલૉજી મેડિકલ ટ્રાયલ અને ઝડપી રસીકરણ માટે વિશ્વસનીય માહિતી પૂરી પાડે છે એટલે જ આપણે સામાન્ય સંજોગો કરતાં ઝડપથી રસી બનાવી શક્યા છીએ. દુનિયામાં અત્યારે અબજો રૂપિયાનું દાન કોરોના-દર્દીઓ માટે જઈ રહ્યું છે, તો દાતાઓ પોતાનું દાન ક્યાં ગયું અને કેટલું વપરાયું તેને ટ્રેક કરી શકે છે. બ્લોક ચેઈન પ્લેટફોર્મનો સૌથી મોટો ફાયદો એ થાય કે દુનિયામાં ક્યાં, કેટલા, માસ્ક, રસી, ઓક્સિજન બોટલ્સ,

વેન્ટિલેટર વગરેની જરૂર છે અને ક્યાં કેવી રીતે એ વસ્તુઓ પહોંચી રહી છે તેની માહિતી ઝડપથી પહોંચી શકે છે. અલબત, હજુ બ્લોક-ચેઈન તેના પ્રાથમિક તબક્કામાં જ છે પણ આગળ જતાં આ ટેક્નૉલૉજી બહુ ઉપયોગી સાબિત થશે.

**૩. અવતાર-3: ઓપન સોર્સ ટેક્નૉલૉજીસ**

અત્યારે માહિતીની મુક્ત (નિઃશુલ્ક અને કોપી-રાઈટ ફ્રી) વહેંચણી આપણને આ મહામારીમાંથી ઝડપથી બહાર આવવામાં મદદ કરશે અને એના માટે ઓપન સોર્સ ટેક્નૉલૉજીસ આપણી વ્હારે આવી છે. અત્યારે દુનિયામાં સાત મોટાં ઓપન-સોર્સ ટૂલ્સ કોરોના સામેની લડાઈમાં કામ કરી રહ્યા છે, જેમાં વૈજ્ઞાનિકો, ડોક્ટરો અને સંશોધકો આ વાઈરસને લગતી તમામ લેટેસ્ટ માહિતી એક કોમન પ્લેટફોર્મ પર મૂકે છે, જેથી દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠેલ અન્ય સંશોધક એનો ઉપયોગ કરી શકે. કેટલાંક ઓપન સોર્સ પ્લેટફોર્મ આ પ્રમાણે છેઃ Just One Giant Lab, NextStrain, BioRxiv, TraceTogether, GoFoundMe, Hackaday, OpenCovid19 વગરે. આમાંના ઘણાં વાઈરસ કેવી રીતે ફેલાય અને દર્દી કોના-કોના સંપર્કમાં આવ્યા છે તેનું ટ્રેકિંગ કરે છે, તો ઘણાં જાતે વેન્ટિલેટર કેમ બનાવાય, તેના પર કામ કરે છે. તો વળી કેટલાંક વાઈરસના બદલાતા સ્ટ્રેઇનનું સતત મોનીટરિંગ કરીને માહિતી અપડેટ કરે છે. અલબત, આ ઓપન સોર્સ પ્લેટફોર્મ પર જે માહિતી મૂકવામાં આવે છે તેની વિશ્વનીયતા, વૈજ્ઞાનિકતા અને તેને લગતા સ્થાનિક અને આંતરાષ્ટ્રીય કાયદાઓના સાપેક્ષમાં ઘણું બધું કામ હજુ કરવાનું બાકી છે.

**૪. અવતાર-4: ટેલિહેલ્થ ટેક્નૉલૉજીસ**

આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે આરોગ્ય સેવામાં કામ કરતાં લોકોને સંક્રમણનો સૌથી મોટો ખતરો છે ત્યારે આવી ટેક્નૉલૉજી ડૉકટરોને દૂરથી (ઘણીવાર તો બીજા દેશમાંથી પણ) દર્દીની ટ્રીટમેન્ટ કરવામાં મદદ કરે છે. આનાથી ખર્ચ ઘણો બધો ઘટી જાય છે. ખાસ કરીને ડૉક્ટર દૂર છે અને દર્દીને ઓડિયો-વિઝ્યુલ માધ્યમથી તપાસીને સલાહ આપવાની હોય છે, ત્યારે દર્દીને કોઈપણ સમયે એ સુવિધા મળે છે. એક ઉદાહરણ દ્વારા સમજીએ તો ફ્રાંસની ટેલિહેલ્થની સૌથી મોટી કંપની –Doctolib– દ્વારા ગત વર્ષે 1,30,000 દર્દીઓનું દૂરથી કન્સલ્ટેશન કર્યું અને આ કંપનીનું આ પહેલું જ વર્ષ હતું. અત્યારે આવી અનેક કંપનીઓ સામે આવી રહી છે જેમાં સ્વીડનની Livi, યુ.કે.ની Push Doctor, જર્મનીની Compugroup Medical અને યુ.એસ.ની General Atlanic મુખ્ય છે. આપણે પણ એવી આશા રાખીએ ભારતમાં પણ આ ક્ષેત્રમાં હરણફાળ પ્રગતિ થાય જેથી આપણા દેશની વિશાળ જનસંખ્યાને ઓછા ખર્ચે વધુ સારી સારવાર મળે.

**૫. અવતાર-5: 3D પ્રિન્ટિંગ**

કોરોનાની સૌથી મોટી મુશ્કેલી એ છે કે દર્દીને ઝડપથી મેડિકલ સાધન-સુવિધા મળતી નથી. જ્યાં સુવિધા છે ત્યાં સાધનોનો ભરપૂર અભાવ છે. આવા સમયમાં દર્દીઓને ઝડપથી મેડિકલ સાધનો (જેવાં કે વેન્ટિલેટર) મળી રહે તે અનિવાર્ય છે. અત્યારે ૩ડી પ્રિન્ટિંગ જે રીતે આગળ વધી રહ્યું છે તે પ્રમાણે આપણે એક જ દિવસમાં હજારોની સંખ્યામાં 3D પ્રિન્ટિંગ વડે વેન્ટિલેટર બનાવી શકીએ, ઓક્સિજન વાલ્વ, ટેસ્ટિંગ કિટ માટેનાં ઉપકરણો, ફેસ શિલ્ડ, માસ્ક, ગ્લોવ્સ, બનાવી શકીએ, વગેરે. આ ટેક્નૉલૉજીની શું કમાલ છે એ સમજવા માટે એક ઉદાહરણ લઈએ. ચાઈનામાં હુબઈ પ્રાંતમાં લોકોને ક્વોરન્ટાઇન કરવા માટે આખા રૂમ 'પ્રિન્ટ' કર્યા! કલ્પના કરો કે ભારતમાં ઓક્સિજન બોટલની જરૂરિયાતને ખૂબ જ સરળતાથી, ઓછા ખર્ચે અને ઝડપથી

પૂરી કરી શકાય તેમ છે જો આપણે વ્યાપક સ્તરે 3D પ્રિન્ટિંગ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીએ તો.

**૬. અવતાર-6: જીન એડીટિંગ ટેક્નૉલૉજીસ**

કોરોના વાઇરસના જીનેટીક મટીરિયલમાંથી તેની સંપૂર્ણ સિક્વન્સ સમજતાં વૈજ્ઞાનિકોને માત્ર જ બે જ અઠવાડિયાં લાગ્યાં. આનાથી આ વાઇરસના ઉદ્ભવ, સંક્રમણ અને તેના માટેની દવાને લગતા ઘણાં ખ્યાલો મજબૂત થાય છે. અત્યારે 20 કરતાં વધુ રસીઓના પ્રયોગો શરૂ છે. પણ જો જીન-એડીટિંગ ટેક્નૉલૉજીસ જેવી કે CRISPR (Clustered Regularly Interspaced Short Palindromic Repeats) પર વધુ કામ કરવાની જરૂર છે. જીન એડીટિંગમાં એન્ઝાઇમ્સ દ્વારા અમુક ચોક્કસ DNAની સિક્વન્સમાં કાપો મૂકીને ત્યાં નવી સેર ઉમેરવામાં ssRNAજીનોમ ધરાવે છે. અત્યારે કોરોના સામેની લડાઈમાં બધાં જ પ્રકારના કોરોના વાઇરસીસ સામે PAC-MAN અને ASO નામની જીન એડીટિંગ ટેક્નૉલૉજી વાપરવાની શરૂઆત થઈ છે અને નજીકના ભવિષ્યમાં આપણે તેની મદદથી ફેફસાંમાં પહોંચેલા વાઇરસને વીણી-વીણીને કાઢી શકીશું. આ સંશોધન એટલું બધું મહત્ત્વ ધરાવે છે કે દુનિયામાં સૌથી મોટા સંશોધનોની ગંભીરતાથી અને વિગતવાર નોંધ લેતા Nature સામયિકમાં આના વિશે વિસ્તૃત લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છે. દુનિયામાં જ્યારથી જીન એડીટિંગની વાતો થાય છે ત્યારથી માણસ પર તેના પ્રયોગો કરવા જોઈએ કે કેમ તેના નૈતિક પ્રશ્નો પૂછાઈ રહ્યા છે. એ પ્રશ્નો પણ વાજબી છે પણ અત્યારે જો એ ટેક્નૉલૉજી જીવ બચાવતી હોય તો નૈતિકતાને નિરાંતે મળીશું!!

**૭. અવતાર-7: નેનો ટેક્નૉલૉજી**

કોરોના સામેની લડાઈમાં દર્દીઓ આઈસોલેશ, ક્વૉરન્ટાઈન અને અન્ય સપોર્ટ સિસ્ટમની મદદ લઈ રહ્યા છે પણ સાથોસાથ એક એવા એન્ટી-વાઇરલ એજન્ટની જરૂર છે જે બીમારને સાજા થવામાં મદદ કરે અને સંક્રમણ ઓછું કરે. નેનો-ટેક્નૉલૉજી કોરોના ટેસ્ટિંગને ખૂબ ઝડપી બનાવે છે અને નેનો-પાર્ટીકલ્સ એન્ટી-વાઇરલ દવા તરીકે શરીરમાં જઈને વાઇરસને બાંધીને તેને વિસ્તરતો પણ અટકાવી શકે. અત્યારે અમેરિકાની એક બાયોટેક્નૉલૉજી કંપનીએ પોતાની RNA-આધારિત રસીના પ્રયોગની જાહેરાત કરી છે જેમાં નેનો-ટેક્નૉલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. Sona Nanotech નામની કંપનીએ માત્ર પંદર મિનિટમાં જ ખાતરીબંધ કોરોના ટેસ્ટ બનાવી છે. હાલમાં જ યુરોપિયન કમિશન અને સ્પેનિશ મિનીસ્ટ્રી ઑફ સાયન્સ એન્ડ ઇનોવેશન્સ દ્વારા નેનો-ટેક્નૉલૉજી આધારિત ટેસ્ટિંગ કિટ બનાવનાર સંશોધનને સ્પોન્સર કરવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ ઘણો ભવિષ્યગામી છે કેમ કે એમાં એક જોગવાઈ એવું બાયોસેન્સર બનાવવાની વાત છે જે પ્રાણીમાં પડેલા કોરોના વાઇરસને શોધી કાઢે! ઈઝરાઈલ અને હોંગ-કોંગ યુનિ.ના વૈજ્ઞાનિકોએ નેનો-પોલિમરનો ઉપયોગ કરીને એવા માસ્ક, કપડાં અને હોસ્પિટલનાં સાધનો બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવશે જેનાથી કોરોના વાઇરસ એની આરપાર પસાર ન થઈ શકે. આમ તો આનું નામ નેનો ટેક્નૉલૉજી છે પણ એનું કામ વિરાટ છે!

**૮. અવતાર-8: સિન્થેટિક ટેક્નૉલૉજી**

સામન્ય રીતે વાઇરસનો અભ્યાસ દર્દીના શરીરમાંથી લઈને લેબોરેટરીના ખાસ વાતાવરણમાં કરવામાં આવે છે, પણ એમાં ઘણો બધો સમય લાગે છે અને વાઇરસ શરીરમાં કેવી-કેવી રીતે મ્યૂટેટ થાય એનો અંદાજ પણ સમય માગી લે છે. એની સામે સિન્થેટિક ટેક્નૉલૉજી દ્વારા બાયોલોજી, એન્જીનિયરિંગ, જીનેટિક્સ, કેમેસ્ટ્રી અને કમ્પ્યૂટર સાયન્સની મદદ વડે જે તે વાઇરસનો સિન્થેટિક ક્લોન બનાવવામાં આવે છે જેના પર વિવિધ પ્રકારના પ્રયોગો કરી શકાય છે. આ જ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને ત્યારે ગરમ

વાતાવરણમાં રાખી શકાય એવી રસી બનાવવામાં આવી છે. આનાથી ભવિષ્યમાં રસી-નિર્માણ અને સ્ટોરેજને લગતી ઘણીબધી સરફતા થશે. સિન્થેટિક બાયોલોજી ક્ષેત્રને વિકસાવવા માટે બિલ એન્ડ મિલિન્ડા ફાઉન્ડેશન મદદ કરી રહ્યું છે. અત્યારે INO-4800 નામની રસી તેની પ્રથમ ટ્રાયલમાં છે જેની વિશેષતા એ છે કે તેના દ્વારા માનવ-કોષમાં સિન્થેટિક જીન દાખલ કરવામાં આવે છે! WHO અને યુ.એસ. મિલીટરી એક એવો પ્રયોગ કરી રહ્યા છે, જેમાં નકલી વાઈરસ દાખલ કરીને માણસને કોઈ મોટી હાનિ ન થાય એવી રીતે તેને વિકાસ અને મ્યૂટેશનને લગતી માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. કોરોના સામે લડવામાં આ ટેક્નૉલૉજી અનેક દિશાઓ ખોલી આપનારી સાબિત થશે એમાં કોઈ શંકા નથી.

**૯. અવતાર-9: ડ્રોન્સ**

લોકડાઉન દરમિયાન કન્ટેન્ટમેન્ટ ઝોનમાં વિવિધ વસ્તુઓ પહોંચાડવાનું, નિયમો પળાવવા માટે, અને દવાઓ પહોંચાડવા માટે વિવિધ પ્રકારના ડ્રોનનો ઉપયોગ આપણે સૌએ જોયો. આ સિવાય પણ ડ્રોન ઘણી બીજી સેવાઓ પણ આપી રહ્યા છે; જેમ કે નીચે ઊભેલા પાંચ વ્યક્તિઓમાંથી જો કોઈ એકના શરીરનું તાપમાન નોર્મલ કરતાં વધુ હોય તો તેની તુરંત જાણ આરોગ્ય વિભાગને કરવી, ક્વોરન્ટાઈન થયેલ વ્યક્તિ કેટલી વખત બહાર નીકળી અને કોને-કોને મળી તેની માહિતી એકત્ર કરવી, ઔદ્યોગિક ડ્રોન દ્વારા શેરીઓમાં સેનીટાઈઝેશન કરવું, લોકો ઘેર બેઠા પણ શોપિંગ કરી શકે એ માટે શીપિંગ-ડ્રોનની મદદ વગેરે પણ થઈ રહ્યું છે. ડ્રોનનો સૌથી સારો ઉપયોગ માણસ-માણસ વચ્ચેનો સંપર્ક ઘટાડવાનો છે; ખાસ કરીને જ્યારે કોરોના-ટેસ્ટ સેમ્પલ અથવા અન્ય મેડિકલ ઉપકરણો અને દવાઓની હેર-ફેરમાં એ નર્યા આશીર્વાદ સમાન છે. સ્પેન, ફ્રાન્સ, બેલ્જિયમ, કેલિફોર્નિયા, યુ.કે. વગેરેમાં ડ્રોન સાથે લાઉડસ્પીકર લગાડીને લોકોને લોકડાઉન પીરિયડમાં અંકુશિત કરવામાં આવ્યા તો એની સામે ચાઈનામાં માસ્ક ન પહેરેલા લોકોને 40X કેમેરા વડે ઓળખીને દંડિત કરવામાં આવ્યા. યુનિ. ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયાએ એવું ડ્રોન બનાવ્યું છે કે જે લોકોના હૃદયના ધબકારા અને શ્વાસ લેવાની ઝડપ સાથે જાહેરમાં કોઈપણ આવરણ વગર ઉધરસ ખાતા હોય અથવા તો છીંકતા હોય. એનું નામ 'પેન્ડેમિક ડ્રોન' છે.

**૧૦. અવતાર-10: રોબોટ્સ**

ડ્રોનની જેમ જ રોબોટ્સ પણ કોરોનામાં ખૂબ જ ઉપયોગી સાબિત થયા છે; જેમ કે આખીય હોસ્પિટલને બહુ ઓછા સમયમાં ડીસઈન્ફેક્ટ કરવી, બાયો-વેસ્ટનો નિકાલ કરવો, દર્દીઓનું ટેમ્પરેચર માપવું, વગેરે કામ દ્વારા રોબોટ્સ હેલ્થ-વર્કરનું જોખમ ઘટાડી રહ્યા છે. અત્યારે લોસ એન્જલસ ઇન્ટરનેશનલ એરપોર્ટ, સાન ફ્રાંસિસ્કો ઇન્ટરનેશનલ એરપોર્ટ અને જોહ્ન ઓફ કેનેડી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર GermFalcon નામનો રોબોટ હાનિકારક જર્મ્સને મારવાનું કામ કરે છે. Cloud Ginger નામનો રોબોટ્સ હોસ્પિટલ્સમાં દર્દીઓ સામે ડાન્સ કરીને તેમને મનોરંજન પૂરું પાડે છે. શાંઘાઈના રસ્તાઓ પર રોબોટ્સ લોકોને હેન્ડ-સેનિટાઈઝ કરાવે છે. સ્પેને હમણાં જાહેરાત કરી છે કે એ બહુ ઝડપથી એક દિવસમાં 80,000 લોકોનો કોરોના ટેસ્ટ કરી શકાય એવા રોબોટ્સ તૈયાર કરી રહ્યા છે. આનાથી સંક્રમણ મોટા પાયે ઘટી જશે અને ભારત જેવા વિશાળ વસતી ધરાવતા દેશો માટે તો આ બહુ મોટી રાહત આપી શકે.

ઉપરોક્ત બધા જ ટેક્નૉલૉજીકલ અવતારો એમની કેટલીક મર્યાદાઓ સાથે કામ કરી રહ્યા છે અને ધીમેધીમે આપણે એ મર્યાદાઓને દૂર કરીને એમને વધુ અસરકારક બનાવીશું તો કોરોના અને એવા અન્ય વાઈરસ સામેની લડાઈમાં આપણે ચોક્કસ જીતીશું. જય ટેક્નૉલૉજેશ્વર!!

(સંદર્ભઃ European Parliamentary Research Service)

## ૦૪. કેળવણીના નવા આયામો

**અવૈધિક તાલીમની ખેડ કરનાર એક સ્વાતંત્ર્યસેનાની માનભાઈ ભટ્ટ**

**ડૉ. નાનક ભટ્ટ**

---

ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારને પેશ્વા અને ગાયકવાડ રાજ્યના હકો મળતાં વર્ષ ૧૮૨૨માં કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)નાં રજવાડાંઓ વચ્ચે રાજકીય સ્થિરતા અને પ્રજાની સલામતી વધી. પ્રજાજીવનમાં શાંતિનો અહેસાસ વધતાં સૌરાષ્ટ્રનાં લોકજીવનમાં કલા, સંસ્કૃતિનું બીજ પુનઃ અંકુરિત થવા લાગ્યું. તે પછી બ્રિટિશ સત્તાના રાજકોટ અને વઢવાણ કેમ્પની છત્રછાયામાં સૌરાષ્ટ્રના પ્રજાવત્સલ રાજવીઓ અને દીવાનો (સેક્રેટરી)એ પોતાની રૈયતના કલ્યાણ માટેની બાબતોને અગ્રતા આપી અને સાંસ્કૃતિક ક્ષેત્રે એક નવા યુગનો પ્રારંભ થયો.

૧૯મી સદીના પ્રારંભે ભાવનગર રાજ્યના દીવાન ગૌરીશંકર ઓઝાના પ્રયત્નથી ૧૨ ગુજરાતી ગામઠી શાળાઓ સ્થપાઈ. કેળવણી ક્ષેત્રની ભાવનગરની પહેલથી અંગ્રેજ અમલદાર વિલિયમ લેંગે સૌરાષ્ટ્રના ઇતિહાસ અંગેની નોંધમાં લખ્યું કે, 'સૂર્ય પૂર્વ દિશામાં ઉગે છે તેમ શિક્ષણ ખાતાનો સૂર્ય પ્રથમ ભાવનગરથી ઉદય પામ્યો છે'

દેશમાં આઝાદીની ઉષા ખીલતાં પહેલાં જ ભાવનગરમાં કન્યાકેળવણીનો મધ્યાહ્ન તપતો હતો. ગાયકવાડી તાબાનાં ૬૨ ગામડાંઓમાં ફરજિયાત શિક્ષણ, ગામોગામ પુસ્તકાલય અને કાયદાકીય વ્યવસ્થાનો અમલ હતો. એટલું જ નહિ, પણ પ્રજાકીય અનાદર શિક્ષાપાત્ર બાબત બનતો. આથી આઝાદી મળી ત્યારે એકલા ભાવનગર રાજ્યમાં ૪૯૭ પ્રાથમિક શાળા, ૭ સંસ્કૃતશાળા, ૪૧ કન્યાશાળા, ૪૧ રાત્રિશાળા સ્થપાઈ ચૂકી હતી. ગોહેલવાડની રાજધાની તરીકે વર્ષ ૧૮૮૫માં એ.વી. સ્કૂલ અને ૧૮૭૨માં આલ્ફ્રેડ હાઈસ્કૂલ સ્થપાઈ તો રાજ્યના સંસ્કારપ્રિય દીવાન શામળદાસ મહેતાનું નિધન થતાં તેમની સ્મૃતિમાં ભાવનગર મહારાજાએ ૧૮૮૫માં શામળદાસ કૉલેજની સ્થાપના કરી.

સ્વતંત્ર ભારતના પ્રભાતે લહેરાતા ત્રિરંગા સાથે ભાવનગરથી નાનાભાઈ ભટ્ટે મહાત્મા ગાંધીની વિચારસરણીથી પ્રભાવિત થઈ ૧૯૩૦માં ગ્રામ દક્ષિણામૂર્તિનો પ્રારંભ કર્યો. નઈ તાલીમનો વિચાર પારંપરિક શિક્ષણથી અલગ રીતે ચારિત્ર્યઘડતરની પૂંજી બન્યો, તો ઘરશાળાના માધ્યમથી હરભાઈ ત્રિવેદીએ ડૉર્ટન પદ્ધતિથી જ્ઞાનની આપ-લેમાં વિચારસ્વાતંત્ર્ય અમલી કર્યું તો શિશુવિહારથી માનભાઈ ભટ્ટે જીવનશિક્ષણની અગત્યતા પ્રસ્થાપિત કરી.

૪ ધોરણ સુધી અભ્યાસ કરીને ભાવનગર પોર્ટમાં રોજના ૨૫ પૈસામાં કોલસા તોડવાનું કામ કરીને કારકિર્દી શરૂ કરનાર માનશંકર ભટ્ટનો જન્મ ૧૯૦૮માં ભાવનગર રાજ્યના પોલીસ અધિકારી નરભેશંકરને ત્યાં થયો. બાળવયે માતાની છત્રછાયા ગુમાવી. દાદા અંબાશંકર ભટ્ટે માનશંકરભાઈનો ઉછેર કર્યો. દાદા નરભેરામભાઈ સુધારાવાદી કવિ હતા અને અંગ્રેજી શાસન, રાજાઓના એશોઆરામ, પ્રજામાં વ્યાપ્ત વહેમ અને અંધશ્રદ્ધા તથા સ્ત્રી દમન ઉપર કાવ્યો લખતા અને ભાવનગર શહેરના ઘોઘા દરવાજે ફાનસના અજવાળે કાવ્યો ગાતા.

માનશંકર ભટ્ટને અવૈધિક કેળવણી પ્રત્યેનો વિશ્વાસ બાળવયે જ દૃઢ થયો. તે પછીનાં વરસોમાં સ્વાતંત્ર્યની લડત

સાથે જોડાયેલ ભાવનગર પોર્ટ વર્કશૉપના શ્રમિક તરીકે માનભાઈએ જીવનશિક્ષણ માટે અવૈધિક તાલીમ(સ્કિલ ટ્રેનિંગ)ને જ પ્રાધાન્ય આપ્યું અને ભાવનગરની શિક્ષણધરા ઉપરથી બાળશિક્ષણ વિચારમાં એક નવો આયામ ઉમેરાયો.

માનભાઈએ ૧૯૪૦ થી ૧૯૬૦ દરમિયાન ૧૫-૧૫ દિવસના ૫૦થી વધુ જીવનશિક્ષણ તાલીમ વર્ગો યોજ્યા અને વિદ્યાર્થીઓને હેન્ડપંપ રિપેર કરતાં, નળનું વૉશર બદલતાં, કપડું સાંધતાં, જમીનમાં વૃક્ષ વાવતાં, ઈંટનું ચણતર કરતાં, પાણીમાં તરતાં, સાઇકલ ચલાવતાં, અકસ્માત સમયે દરદીને પાટાપિંડી કરતાં શીખવીને ૫૦-૫૫ તાલીમાર્થી સજ્જ કર્યા.

બાળકેળવણીક્ષેત્રે પુસ્તકિયા જ્ઞાનથી પરે જીવનશિક્ષણનો આયામ ઉમેરાતાં શિશુવિહારથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ શરીરે સશક્ત અને મનથી સેવાભાવના સાથે વિકસ્યા.

માનભાઈ ભટ્ટના જીવનશિક્ષણને માપવાના એક અલગ આયામના કારણે ભાવનગરની સેવા અને શિક્ષણના ધામ તરીકેની ઓળખ વધુ સુદૃઢ થઈ છે. પ્રતિવર્ષ શિશુવિહાર પધારતા સંતશ્રી મોરારિબાપુ તો કહે છે કે માનભાઈનો સેવાયજ્ઞ અને શિશુવિહારની અવૈધિક તાલીમ પશ્ચિમ ભારત માટે શાંતિનિકેતનનું સ્થાન લઈ શકે છે.

માનવમસ્તિષ્કથી સંચાલિત શિક્ષણ વૈધિક બને છે તો માનવહૃદયની સંવેદનાઓથી સભર મૂલ્યશિક્ષણ અવૈધિક તરીકે જાણીતું છે. ઘસાઈને ઉજળાં રહેવાની ખેવના રાખતા ભાવનગરના ગાંધી શ્રી માનભાઈ ૯૬ વર્ષની વયે વર્ષ ૨૦૦૨માં સ્વર્ગવાસી થયા. પરંતુ ભાવનગર શહેરમાં રકતદાન, દ્દુદાન, દેહદાનની પ્રવૃત્તિ પ્રચલિત કરી ગયા. લોકસેવક માનભાઈ દ્વારા રેડક્રોસ અને સૅન્ટ જહૉન ઍમ્બ્યુલન્સ ઍસોસિએશનની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી. તેમ ભારત સ્કાઉટ-ગાઈડ અને દિવ્ય જીવનની ચારિત્ર્યનિર્માણની સંસ્થાઓ ભાવનગરમાં સ્થાપવામાં આવી છે. ભાવનગર શહેરને દાઝેલા દરદીઓ માટે ઍરકડિશન્ડ બર્ન્સ વૉર્ડ, બ્લડ બેંક તેમજ સૅલ્ફ હેલ્પને પ્રાધાન્ય આપા યુવકો માટે મધ્યમ કદના ઈજનેરી અને કલા કૌશલ્ય ને આવરી લેતી તાલીમ સંસ્થા માનભાઈ દ્વારા નિર્માણ પામી અને આજે ૮૨ વરસે પણ કાર્યરત છે.

ખાદીનાં સાદગીપૂર્ણ વસ્ત્રો, એક સાયકલ અને પગમાં સ્લિપર પહેરી નિત્ય એક કટોરામાં એક વખત ભોજન લેનાર માનભાઈ સ્વાતંત્ર્યસેનાની હોવા છતાં કદી સરકારી પેન્શન લીધું નહિ. તેમ ૨૯૦૦૦ સ્કવેર યાર્ડના વિશાળ પ્રાંગણમાં જ્યાં વરસે ૬ લાખથી વધુ બાળકો રમવા આવે તેવા ક્રીડાંગણનું નિર્માણ કરવા છતાં સરકારની સહાય લીધી નથી.

ભાવનગરના લોકસેવકને બિરદાવતા સારસ્વત મનુભાઈ પંચોળી કહેતા, 'ગુજરાતમાં બીજા માનભાઈ નથી. તેમણે કામ કરનારનું જે કાર્ય કર્યું છે તે બેજોડ છે. આજે હવે નવી શિક્ષણનીતિમાં પ્રજ્ઞાતાલીમના નામે સ્કિલ ટ્રેનિંગ અનિવાર્ય બનાવવામાં આવી રહી છે, ત્યારે આજથી ૭૫ વર્ષ પહેલા મજૂરમાંથી મહાજનપદે પહોંચનાર શ્રી માનભાઈ કહેતા કે શિક્ષણનો ત્રિવિધ આયામ હાથ, પગ અને હૈયાથી સધાશે.

સ્વાતંત્ર્યની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ ત્યારે ભાવનગરથી ઇન્ફોર્મલ ઍજ્યુકેશનનો વિચાર વહેતો કરનાર લોકસેવક માનભાઈ ભટ્ટનં સ્મરણ પુણ્યશાળી બને છે.

●---------●●●--------●●●---------●

શિશુવિહાર,
કૃષ્ણનગર,
ભાવનગર-૩૬૪૦૦૧
મો.૯૮૯૮૪૬૩૪૮૯

## ૦૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન

### ગ્રામ વિજ્ઞાન સમિતિઃ હવે વિકાસની રાશ વૈજ્ઞાનિક અભિગમને સોંપીએ?

અરુણ દવે
arunlokbharti@gmail.com

---

જેને માત્ર સત્ય અને સંપૂર્ણ સત્ય જ ખપે છે, એવું કોઈ ક્ષેત્ર હોય તો તે વિજ્ઞાન છે. વિજ્ઞાનની કમાલ વિશે હવે કોઈનેય સમજાવવાની જરૂર રહી નથી, સૌએ પોતપોતાના જીવનમાં અનેક પ્રસંગોએ એનાં અનેક ચમત્કારો જોયા-માણ્યા છે. આપણે કૃષિથી લઈને કોરોના સુધી વિજ્ઞાન શું કરી શકે એ જોયું છે. જો આપણને વિજ્ઞાને કહ્યું જ ન હોત કે વાયરસ શું છે અને એનાથી કેવી રીતે બચાય તો આજે આપણી શું હાલત થાત! વિજ્ઞાન આપણા જગતને જોવા-સમજવા માટેનું સૌથી વિશ્વાસપાત્ર સાધન છે, જે હજુ પણ વિકસી રહ્યું છે અને કાયમ વિકસતુ રહેશે. આ વૈજ્ઞાનિક અભિગમને આપણે સમાજ જીવનના જેટલાં ક્ષેત્રોમાં અજમાવીએ એટલાં એ ક્ષેત્રો ઉજળાં થશે.

આજે ગામડાંઓ અને શહેરોની જીવનશૈલી અને મહત્ત્વાકાંક્ષાઓ વચ્ચે ખાસ ફેર રહ્યો નથી. સમૂહ માધ્યમોના અને સંપર્ક-સંવાદ સાધનોએ ખરા અર્થમાં વિશ્વગ્રામ બનાવી આપ્યું છે. વિકાસ શબ્દમાં એવું અનુભવાયું છે કે એ સાધવામાં કોઈને કોઈ અંગનો ભોગ લેવાય છે. જો 'ઉત્કર્ષ'નો વિચાર કરીએ તો એ સંપૂર્ણ યોગ્ય જણાય છે. આજે ભૌતિક સુવિધાઓની દૃષ્ટિએ બધે બધું મળી રહે છે પણ મુખ્ય સવાલ આજીવિકાનો રહે છે. ગામડાંઓ બચાવવાં હશે તો આજીવિકા-રોજગારી એવી ઊભી કરવી પડશે કે જે ગોપાલન-ખેતી-બાગાયત આધારિત હોય. આ માટે જો નક્કર કામ થાય તો શહેરો તરફની દોટ ઓછી થાય.

વિજ્ઞાન એક અમાપ શક્તિ હોવા છતાં તેનો ઉપયોગ સર્જનાત્મક અને વિનાશ એમ બંને ક્ષેત્રે થઈ શકે છે. આપણે માનવીય મૂલ્યો આધારિત વિજ્ઞાન પ્રયોજવાનું છે. સર્જનાત્મક-રચનાત્મક વલણો અપનાવવાથી પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે. સવાલ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો છે. ગામડાંમાં રોજગારી વધારવાના સંદર્ભમાં સાચી વૈજ્ઞાનિક દૃષ્ટિ એ છે કે જ્યાં કાચો માલ પેદા થતો હોય ત્યાં જ પાકો માલ બનવો જોઈએ. આવું જો થાય તો ગામડાંમાં આજીવિકા-રોજગારી સુખાકારી અને જીવનની પ્રસન્નતા પણ મેળવી શકાય. જો શહેરમાં ગયેલા લોકોને પણ આવો વિકલ્પ મળે કે એ લોકોના વ્યવસાય ગામડાંમાં પણ સારી રીતે ચાલી શકે, તેમનાં બાળકોને સારું શિક્ષણ અને પરિવારને આરોગ્યની સુવિધા મળી શકે તો ઉલટું માઈગ્રેશન(રુર્બનાઈઝેશન) પણ શરૂ થાય.

કોઈપણ સમાજ, વિસ્તાર કે દેશનો ઉત્કર્ષ જોઈને તેનું આંધળું અનુકરણ કરીને તેણે વાપરેલી ટેક્નૉલૉજી ઠોકી બેસારવામાં આવે છે. આ અવૈજ્ઞાનિક અભિગમ છે. વિજ્ઞાન-ટેક્નૉલૉજી અખૂટ અને અમાપ શક્યતાઓ ધરાવતા હોવા છતાં સવાલ તેના વિવેકપૂર્ણ ઉપયોગનો છે. આ વિવેક એટલે જ વૈજ્ઞાનિક અભિગમ.

આપણે વર્ષોથી 'ગ્રામ વિકાસ સમિતિઓ' બનાવીએ છીએ જેનું કામ ગામડાંને વિકસિત કરવાનું હોય છે. પણ શું ગામડાંને એ ખબર છે ખરી કે 'વિકાસ' એટલે શું? કયો અને કેટલો વિકાસ આપણા માટે યોગ્ય છે? આપણે તો શહેરની ભૌતિક સુવિધાઓને ગામડાંમાં લાવવાને જ વિકાસ માનીએ છીએ. એટલે તાલુકા કે જિલ્લા કક્ષાએ

સરપંચોની મિટિંગમાં જ્યારે એમને પૂછવામાં આવે કે ગામ માટે શું જોઈએ છે ત્યારે મોટા ભાગના "બ્લોક, પાણીની લાઈન અને ડામર રોડની" માગણી કરે છે. એ માગણીઓ અસ્થાને નથી પણ વાત એ છે કે આ માગણીઓ પાછળ કોઈ વિજ્ઞાન છે ખરું? ગામડાંને શું જોઈએ છે એનો કોઈ વૈજ્ઞાનિક આધાર ખરો? કોઈએ સર્વે કર્યો હોય પછી પૃથક્કરણ કરીને નિર્ણય પર આવ્યા હોય આવું થાય છે ખરું?

આપણે સૌ જાણીએ છીએ કે દરેક ગામની એક તાસીર હોય, જેમાં એની ભૂગોળ, આબોહવા, સામાજિક ઢાંચો, આર્થિક સ્તર, શૈક્ષણિક સ્તર વગેરેના તાણા-વાણા ગૂંથાયેલા હોય છે. પણ અત્યારે ટેક્નૉલૉજીની મદદથી આ બધી બાબતોને લગતા આંકડાઓ, સમીકરણો, પરિબળો અને તારણો કાઢવા ખૂબ જ સરળ બન્યા છે. સવાલ છે આ બધો ડેટા ભેગો કરવો અને પછી જરૂર પ્રમાણે તેનું પૃથક્કરણ કરવું જેથી જે તે સમસ્યાનો ઉકેલ મેળવવા માટે ચોક્કસ નિર્ણય પર આવી શકાય. ઉદાહરણ તરીકે, ગામના પ્રત્યેક ખેતરનો જમીન, પાણી, પાક, વગેરેનો ડેટા હોય તો પ્રત્યેક ખેતર માટે ઇઝરાયેલની જેમ ખાતર અને દવાની સલાહ આપી શકાય, કયો પાક વાવવો તેનો નિર્ણય કરી શકાય. પ્રત્યેક ગાય/ભેંસ/બકરી/ઘેટાંનાં સ્વાસ્થ્ય, વેતર, દૂધ-ઉત્પાદન વગેરેનો ડેટા હોય તો ગામમાં દૂધ-બનાવટોને લગતું ઘણું નવું ઉત્પાદકતા આધારિત કામ થઈ શકે.

પણ આ કામ કરે કોણ? તો એક પ્રયોગ તરીકે આપણે ૫૦ ગામોમાં 'ગ્રામ વિજ્ઞાન સમિતિ' ન બનાવી શકીએ? જેમ દરેક કોર્પોરેટ કંપનીમાં 'રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' (R&D) યુનિટ હોય એમ જ દરેક ગામમાં આવી સમિતિ હોય જેનું કામ પણ (R&D) યુનિટ જેવું જ હોય. આ સમિતિ ગામડાંની દરેક સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક વલણો અને અભિગમ સંદર્ભે નક્કર કાર્યક્રમોનું આયોજન કરતી હોય.

આ સમિતિમાં નીચે પ્રમાણેના સભ્યોનો સમાવેશ કરી શકાય.

- સરપંચ
- ગ્રામસેવક
- તલાટી-મંત્રી
- ૨ વિજ્ઞાન શિક્ષકો અને અન્ય પ્રગતિશીલ શિક્ષકો
- નજીકની ગ્રામવિદ્યાપીઠ/કૃષિ યુનિ.ના એક અધ્યાપક
- જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના એક વિજ્ઞાની
- ગામનાં ૫ શિક્ષિત યુવાનો/યુવતીઓ

ગ્રામ વિજ્ઞાન સમિતિ નીચે પ્રમાણે પ્રારંભિક કાર્યોથી શરૂઆત કરી શકે.

- ગામનો તમામ ડેટા એકત્રિત કરવાનો અને તેની કમ્પ્યૂટર એન્ટ્રી કરવાની.
- આ ડેટા નિયમિત અપડેટ કરવાનો.
- ગામની સમસ્યાઓનું વર્ગીકરણ કરવું (ઋતુ, વિસ્તાર, વસતિ, તહેવાર-પ્રસંગો વગેરે આધારિત, લાંબા ગાળાની, ટૂંકા ગાળાની, ક્યારેક આવતી, વગેરે.
- દરેક સમસ્યાને અગ્રતાક્રમ આપીને પ્રત્યેકને તબક્કાવાર વહેંચવી.
- જ્યારે કોઈ સમસ્યા ન હોય ત્યારે નવું સંશોધન કરવું કે ગામ માટે શું કરી શકાય.
- જૂના ડેટાને નવી રીતે એનાલાઈઝ કરવો.
- જરૂરિયાતની આંકણીને આધારે આયોજન કરવું.

ગામડાંઓમાં કૂવાથી માંડીને ચૂલા સુધીના પ્રશ્નોની હારમાળ છે. આ દરેકને સક્ષમ-કાર્યક્ષમ કરવા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ—અભિગમની અનિવાર્યતા જણાય છે ત્યારે આ ગ્રામ વિજ્ઞાન સમિતિની સંકલ્પનાને પ્રથમ પ્રાયોગિક ધોરણે અને પછી વ્યાપક સ્તરે વિચારણા થઈ શકે.

('સૃષ્ટિ' દ્વારા આયોજિત વેબિનારના વ્યાખાનનો સારાંશ.)

## શંખ ઘોષની પાંચ કવિતા

ઉત્પલ કુમારના હિન્દી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદઃ બ્રિજેશ પંચાલ
panchalbrijesh02@gmail.com

---

**ટૂંકો પરિચય- શંખ ઘોષ : શંખઘોષ**



શંખ ઘોષે (જન્મ ૫, ફેબ્રુઆરી-૧૯૩૨ નિધન ૨૧, એપ્રિલ-૨૦૨૧) પદ્ય અને ગદ્ય એમ સાહિત્યના બંને પ્રકારમાં બંગાળી ભાષામાં પ્રદાન કર્યું છે. તેમનું ખરું નામ ચિત્તપ્રિયા ઘોષ હતું. તેઓએ ગદ્ય રચનાના સંગ્રહ, સંપાદિત અને મૌલિક કવિતા સંગ્રહ, વિવેચન સંગ્રહ, નિબંધ સંગ્રહ ઉપરાંત બાળકો અને કિશોરો માટે સર્જન કર્યું હતું. શંખઘોષે ૧૯૫૧માં કોલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાંથી બંગાળી ભાષામાં સ્નાતક અને ત્યારબાદ ૧૯૫૪માં કોલકત્તા યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી. જીવનભર તેમને દેશ-વિદેશની ઘણી કોલેજ અને યુનિર્સિટીમાં બંગાળી ભાષા અને સાહિત્યમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. તેમને કવિતા ક્ષેત્રે કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને જીબનાનંદદાસના અનુગામી માનવામાં આવે છે. 'બાબરેર પ્રાર્થના' કાવ્ય સંગ્રહ અને કન્નડ નાટક 'રક્તકલ્યાણ'ના અનુવાદ માટે અનુક્રમે તેમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો એવૉર્ડ (૧૯૭૭ અને ૧૯૯૯), સરસ્વતી સમ્માન(૧૯૯૮), પદ્મભૂષણ(૨૦૧૧), ભારતીયજ્ઞાનપીઠ એવૉર્ડ (૨૦૧૬), ડોક્ટરેટની માનદ્ ઉપાધિ સાથે ડી.લિટ્.ની પદવી ઉપરાંત બીજા ઘણા પુરસ્કાર મળ્યા હતા.

**૧. ધર્મ**

સૂતો છું હું સ્મશાનમાં,
એ બધાંને કહો કે મડદાં બનાવતી વખતે
આટલો સન્નાટો સારો ના કહેવાય.
માથાની ઉપર, પગ તળે, હાથની પાસે છે
બધાં તમારાં માણસો.
એમને કહો
કે મારી છાતી ઉપર ચડીને પીંખી નાખે એની ઝુલ્ફો,

અને સળગાવી દે મસ્તિષ્કના સિતારા,
એ ભાગી જાય
ને ખરી પડે અજાણી શિરમાળાઓથી,
ખરી પડે, ખરી પડે ધર્મ,
મારા બર્ફીલા ચહેરા
મારી બર્ફીલી છાતી ઉપર હોય
શીતળતા!

**૨. લીલું લોહી**

ઉત્પત્તિ - એનો કોઈ અંત નથી, અંત નથી ચોરોનો!
શૂન્યતમ તડકામાં ચમકી રહ્યો છે પરશુરામનો કુઠાર
ત્રિસિમાઓનો કોઈ સંવાદ નહીં રાખે, કોઈપણ રીતે!
જ્યાં પણ જેટલું લીલું લોહી છે એ ચૂસી લેશે.
નિઃસ્પંદ કરી દેશે બધાં જ સાલ-શીમળાનાં ઝાડ
આજે જેને વનાંચલ કહો છો, કાલે જનપદ કહેશો.
અભિમુખ થઈ દસે દિશામાં ખોવાઈ ગયો છે.
માનો, હવે આ જીવનમાં ક્યાંય પ્રતિરોધ નથી.
એવા વખતે ક્યાંથી આવીને ઊભી રહે છે દિશાહીન પ્રાંગણમાં
પચ્ચીસ છોકરીઓ!
પચ્ચીસ ઝાડવાંઓને પકડીને આલિંગન આપે છે!
પચ્ચીસ છોકરીઓ એ પચ્ચીસ ડાળીઓને બાઝીને આપે છે આલિંગન.
દશ્ય બદલવાની આશા રાખી ઘડીઓ ગણી રહે છે એ.
વલ્કલો સાથે બંધાઈ ગયા છે પચ્ચીસ છોકરીઓના પ્રાણ.
બડે ગુલામઅલીનું સંગીત સાંભળી કાયામાં રોમરોમ રોમાંચ ફૂટે છે.
સામે કેવળ સ્થિર થઈ જાય છે સોનેરી તડકો.
ઝળહળતી પચ્ચીસ કુહાડી, દૂરથી જોઈ રહ્યા છે લોક.
એ છોકરીઓ જાણે છોકરીઓ નથી છે બુલબુલ કે મેના...
છોકરી ઊભી રહી છે બનીને.
ઝાડ, પછી ઝાડ!

**૩. વર્ષા**

મારી નાનકડી છોકરીને પાણીની ધારમાં લઈ જતી વેળાએ,
એટલું જરૂર કહીશ.
આટલો અહં ના કર ઓપ પૃથ્વી!
બચી ગયા છે ખાલી ઘરના ટુકડાઓ.
પાણીની વાછટોથી ધૂંધળી થઈ ગયેલી આંખો.
હાહાકાર કરે છે, પરંતુ
રહી ગઈ છે માટીની પ્રતિમા.
પાછો વળીને ઠીક-ઠાક સમજી લઈશ.
ડરે છે ઉદાસ પાણી
માણસની સ્મૃતિ પણ છે તરલ.
ઘનઘોર રાત ખાલી અમને જ કરે છે
વારેવારે બેઘર.
બધાં જ લોકો છે ડૂબેલાં,
કોઈને ખબર છે કોઈને નહીં.
મને અનાયસે અનુભતિ થઈ છે-
વર્ષા તને પ્રણામ!

**૪. મણિકર્ણિકા**

અમાસના અંધકારમાં વહી રહી છે ગંગા
એની ઉપર છે અમારી જર્જરિત હોડીના શ્વાસ
ચહેરા ઉપર આવી રહી છે, મણિકર્ણિકાની છટાઓ.
અમે કોઈ એકબીજાને જોઈ નથી રહ્યા.
હાથથી પકડી રાખી છે હોડીને.
અને એક-બે ટીપાં પાણીનાં છાંટા તિલક કરે છે કપાળે,
દિવસે જે હતો ચાંડાલ,
એ જ રાતે બની ગયો છે અમારો પાલનહાર!
કોઈ અંતર નથી એમની આંખોની કીકીઓમાં
પાણીની ઉપર ઊડીને પડે છે ચિનગારી.

હવાઓમાં તરી રહી છે ભસ્મ.
પાસે ડૂબકીઓ મારી રહી છે ડોલ્ફિન
હવે અમે હોડી ફરાવી લઈશું,
દક્ષિણ તરફ છે હરિશ્ચંદ્ર ઘાટ
બંને તરફ છે કાલૂ ડોમનું[1] ઘર
એક સ્મશાનથી બીજા સ્મશાનની વચ્ચે
અમે કોઈ એકબીજાને
જોઈ નથી શકતા.
([1] મૃતદેહને સળગાવનાર)

**૫. ખબર**

ખુલ્લા દરવાજામાંથી ઘરમાં ઘૂસી આવી છે ખબર.
બારીઓના દરેક ખૂણામાંથી ટપ... ટપ... ટપકી રહી છે ખબર.
હું અહીં-તહીં થઈ જાઉં છું, તે છતાં મને પકડી લે છે ખબર,
દિવાલ તોડીને આવી જાઉં છું બહાર,
ને દોડવા લાગું છું.
પરંતુ મારી સામે-પાછળ, મારી ડાબે-જમણે આવીને ઘેરી વળે છે ખબરોની આંધી!
ને રસ્તાઓ પર પડી જાઉં છું.
મારા શરીર પર ખબરોનો ઢગલો થઈ જાય છે;
શ્વાસ બંધ થવા લાગે છે.
ત્યારે મારા મૃત શરીર ઉપર નાચવા લાગે છે, નાચતી રહે છે,
ખાલી ખબર,
        બસ ખબર...
ખાલી ખબર,
        બસ ખબર...

●---------●●●--------●●●---------●

સંપર્કઃ ૮૭૩૫૦૧૯૭૫૭

# ૦૭. કલાવિથિકા

## બાળકાવ્યની બારાખડી
### કિરીટ ગોસ્વામી

---

નવી કેળવણીના ઉદય સાથે ગુજરાતી બાળસાહિત્યનો જન્મ થયો એમ કહી શકાય. જો કે, લોકસાહિત્ય, પંચતંત્ર ઇત્યાદિમાં બાળકો માટે કોઈને કોઈ સામગ્રી હતી જ; પરંતુ, બાળકોને કેન્દ્રમાં રાખીને સાહિત્યનું સર્જન થવું જોઈએ-એવું સૌ પ્રથમ ગિજુભાઈએ કહ્યું અને ગુજરાતી ભાષાના બાળસાહિત્યની દિશા ખૂલી.

બાળસાહિત્યનાં વિવિધ સ્વરૂપો: જેવાં કે બાળવાર્તા, બાળકાવ્ય, બાળનાટક વગેરેમાંથી બાળકાવ્ય, અત્યંત લાઘવભર્યું, મધુર અને ઝટ દઈને બાળકને આકર્ષિત કરે એવું સાહિત્યસ્વરૂપ છે. રમત-રમતમાં આનંદ કરાવી જાય એવું બાળકાવ્ય, બાળકોને સવિશેષ ગમે છે. બાળકોના કંઠે વસી જાય, ક્યારેક ગાતાં-ગાતાં બાળક નાચી ઊઠે તો ક્યારેક તાળી પાડી ઊઠે તો સમજવું કે બાળકાવ્યની બારાખડી સાચી મંડાણી છે.

બાળકાવ્યના કવિએ બાળકમય થવું જરૂરી છે. સાથોસાથ બાળકોના મનોભાવોને વાંચવાનો મહાવરો પણ જરૂરી છે. એમ થાય તો જ કવિની અભિવ્યક્તિ સાહજિક રીતે થઈ શકે. કેવળ સીધાં-સાદાં પદોથી મધુર, ચિત્રાત્મક, લયવાહી અને અર્થસભર બાળકાવ્ય, એવો કવિ લખી શકે, જે બાળકમાં રમમાણ હોય! પોતાની અંદર સતત બાળકને જીવતું રાખી શકે, બાળસહજ કુતૂહલ જેનામાં હોય એવા કવિનાં બાળકાવ્યો, ચિર-સ્મરણીય બને !

બાળકાવ્યમાં બાળકના વિચારો, ઇચ્છાઓ, મનોભાવો, કલ્પનાસૃષ્ટિ વગેરેનું ચિત્રણ હોય છે. આથી બાળકની સાથે સીધો જ સંપર્કમાં ન હોય એવો કવિ, કદાચ ઉત્તમ બાળકાવ્ય ન રચી શકે. એમાં કૃતકતા આવવાની પૂરેપૂરી શક્યતા રહે. બાળકો વચ્ચે રહેનારો, બાળકોનું શબ્દ-ભંડોળ જાણનારો કવિ ઉત્તમ સર્જન કરી શકે. અલબત્ત, માત્ર બાળકો સાથે રહેવાથી જ કોઈ બાળસાહિત્યકાર બની જતું નથી. જન્મજાત મળેલી કવિ-પ્રતિભા અહીં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

હરખપદૂડા થઈને બોધ કે ઉપદેશ આપવા થનગનતા કવિઓએ બાળકાવ્યના ક્ષેત્રથી દૂર જ રહેવું! બોધનું તત્ત્વ, બાળકાવ્યને પૂર્ણતઃ હાનિ પહોંચાડી શકે છે. બાળકાવ્યનો પ્રથમ અને પરમ હેતુ આનંદપ્રાપ્તિનો છે. એમાંથી બોધ, આડપેદાશરૂપે મળી જતો હોય તો એ આવકાર્ય છે; પરંતુ હેતુપૂર્વક કે ગણતરીપૂર્વક ઘુસાડવામાં આવેલો બોધ, બાળકાવ્યના આત્માને હણી નાખે છે.

બાળકાવ્યમાં શબ્દોની પસંદગી ખૂબ જ ચીવટ માગી લે છે. શબ્દો ઉચ્ચારવામાં સરળ,પદાવલિઓ મધુર અને લયવાહી તથા બાળકને તરત સમજાય જાય એ પ્રકારની હોવી જોઈએ. બાળકોનું શબ્દભંડોળ વિશિષ્ટ હોય છે. બાળકાવ્ય લખનાર કવિએ, બાળકોનાં શબ્દભંડોળને આત્મસાત કરવું પડે છે.

બાળકાવ્યની સાદી-સીધી વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય કે, "બાળકને સમજાય અને બાળકને તેની પોતાની ભાષામાં આનંદ કરાવે એવી નાનકડી રચના એટલે બાળકાવ્ય."

બાળકાવ્યનાં કેટલાંક લક્ષણો આ રીતે તારવી શકાયઃ

★ બાળકની સમજશક્તિને અનુરૂપઃ

બાળકાવ્ય બાળકને ઝટ દઈને સમજાય જાય એવું હોવું જોઈએ. બાળકાવ્યમાં અઘરા શબ્દો, બાળકની કલ્પના બહારના કે સમજશક્તિ બહારના વિષયો જો વર્ણવવામાં જો આવે તો સ્વાભાવિક રીતે જ એ બાળક માટે નક્કામા નીવડે. સાથોસાથ એ પણ ધ્યાનમાં રહે કે ખોટાં વર્ણનો કે અલંકારોના ઠઠારા પણ બાળકાવ્ય માટે ખૂબ જ હાનિકારક છે.

★ ચિત્રાત્મક હોયઃ

બાળકાવ્યના પઠન સાથે બાળકના મનમાં વર્ણિત વિષય કે પાત્રોનાં ચિત્ર ઉપસતાં હોય છે. આથી એમાં ચિત્રાત્મકતાનો ગુણ જેટલો વધારે હોય એટલું કાવ્ય વધારે સુંદર બને. સાવ સરળ શબ્દોમાં, બાળકાવ્યના કવિએ સરસ મજાનાં શબ્દ-ચિત્રો દોરવાનાં હોય છે.

★ ગાન અને પઠન કરી શકાયઃ

બાળકાવ્ય ગાઈ શકાય એવું હોય તો એ ઉત્તમ! કયારેક એનું લયવાહી પઠન પણ કરી શકાય. એમાં આંગિક અને વાચિક અભિનય પણ ભેળવી શકાય. લય અટપટો કે અઘરો ન હોવો જોઈએ. ઘણા પ્રચલિત ઢાળોનો ઉપયોગ કરીને પણ બાળકાવ્યોનું ગાન થઈ શકે.

★ રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દોનો ઉપયોગ :

બાળકાવ્યમાં રવાનુકારી શબ્દોનો ઉપયોગ ખૂબ જ ઉપકારક નીવડે છે. આનાથી બાળકને અવાજની દુનિયાનો આનંદ-મસ્તી સાથે પરિચય મળી રહે છે અને કાવ્ય પણ મધુર અને પ્રાસાદિક બને છે. એવી જ રીતે દ્વિરુક્તિઓનો પ્રયોગ પણ બાળકાવ્યમાં લય જન્માવે છે. ઉપરાંત, બાળકોને પઠન કે ગાનમાં પણ આવા શબ્દો ખૂબ જ આકર્ષે છે.

★ ટૂંકું અને ટચૂકડુંઃ

બાળકાવ્યનાં કદ વિશે વિચારીએ તો એ બહુ મોટું ન હોય એ ઇચ્છનીય છે. સામાન્ય રીતે ૧૦થી ૧૨ પંક્તિઓનું બાળકાવ્ય હોય તો એ બરાબર ગણાય. એથી વધારે પંક્તિઓ બાળકાવ્યમાં ન ચાલે.

★ કલ્પના અને ફેન્ટસીઃ

બાળક પોતાની કલ્પનાની દુનિયામાં જીવતું હોય છે. એનું વિશ્વ આ વિશ્વથી બિલકુલ અલગ અને અનોખું હોય છે. તેની કલ્પનાઓ બાળકાવ્યમાં વર્ણવાય એ ખૂબ જ જરૂરી છે. પંખી બનીને ઊડવાથી માંડીને ચાંદામામાને ઘેર બોલાવવા સુધીની ઇચ્છા બાળક કરી શકે! બાળકની ફેન્ટસી બાળકાવ્યમાં સાંકળવામાં આવે તો એવું કાવ્ય બાળકને પોતીકું લાગે છે.

★ સમય સાથે અનુસંધાનઃ

દરેક સાહિત્ય સ્વરૂપ તેના સમય સાથે અનુસંધાન રચતું હોય છે. તેમ બાળકાવ્યમાં પણ સમયનો બદલાવ અને પ્રભાવ ઝીલાય એ જરૂરી છે. પાંચ વર્ષ કે પંદર વર્ષ પહેલાંનાં બાળકોનાં મન અને જીવન જુદાં હતાં; આજનાં બાળકોની દુનિયા અલગ છે. તેના વિચારો, તેનાં રમકડાં, તેની જીવનશૈલી વગેરેમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનના રંગમાં બાળકાવ્યો પણ રંગાય એ સ્વાભાવિક બાબત છે.

આમ, બાળકાવ્યનાં આવાં કેટલાંક સામાન્ય લક્ષણો તારવી શકાય. આ સિવાય પણ બાળકાવ્યનાં અન્ય લક્ષણો આપી શકાય. ટૂંકમાં કહીએ તો બાળકાવ્યની બારાખડીના આ મૂળાક્ષરો-પાયા છે. એનાં પર નવી-નવી ઈંટો મૂકાતી રહે એમાં કશું ખોટું નથી; પરંતુ, એનાં મૂળ-પાયો યથાવત રહે એ ખૂબ જ જરૂરી છે. કેમ કે, બાળકવ્યની ઇમારત, આ પાયા પર જ ટકવાની છે.

## શ્રદ્ધાંજલિ

બહુ ટૂંકા સમયગાળામાં આપણે મોટી સંખ્યામાં શુભેચ્છકો, સર્વોદય કાર્યકરો, મદદકર્તા, પરિવારના સંબંધિતો, ભૂતપૂર્વ વિદ્યાર્થી-કાર્યકરો વગેરેને નીચે પ્રમાણે ગુમાવ્યા છે. આ તમામ દિવંગતોના પરિવારને સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના સાથે સદ્‌ગત આત્માઓને (શરતચૂકથી કે માહિતીના અભાવે કોઈ નામ રહી ગયું હોય તો તે સૌને પણ) શ્રદ્ધાંજલિ પાઠવે છે.

- તા.૦૬-૦૪-૨૧ના રોજ શ્રી કિશનભાઈ ગોરડિયા
- તા.૦૮-૦૪-૨૧ના રોજ શ્રી અરવિંદભાઈ દેસાઈ
- તા.૧૩-૦૪-૨૧ના રોજ શ્રી દીપાબેન પ્રવીણચંદ્ર ઠક્કર
- તા.૧૪-૦૪-૨૧ના રોજ શ્રી ભોગીભાઈ સુથાર
- તા.૧૪-૦૪-૨૧ના રોજ શ્રી વેલજીભાઈ દેસાઈ
- તા.૧૬-૦૪-૨૧ના રોજ શ્રી બદ્રીભાઈ જોષી
- તા.૧૭-૦૪-૨૧ના રોજ શ્રી ધીરુભાઈ ડોબરિયા
- તા.૧૭-૦૪-૨૧ના રોજ શ્રી રાજેશભાઈ રમણીકલાલ ત્રિવેદી
- તા.૧૮-૦૪-૨૧ના રોજ શ્રી ઇન્દુકુમાર જાની
- તા.૧૮-૦૪-૨૧ના રોજ શ્રી ઉદયસિંહ ગોહિલ
- તા.૧૯-૦૪-૨૧ના રોજ વિનુભાઈ સાબાભાઈ સાંકળિયા
- તા.૨૦-૦૪-૨૧ના રોજ શ્રી સિદ્ધાર્થભાઈ મંગળભાઈ વરમોરા
- તા.૨૧-૦૪-૨૧ના રોજ શ્રી પ્રફુલ્લભાઈ સરૈયા
- તા.૨૨-૦૪-૨૧ના રોજ શ્રી દીપકભાઈ ત્રિવેદી
- તા.૨૪-૦૪-૨૧ના રોજ શ્રી ગોવિંદભાઈ હરિભાઈ ચૌહાણ
- તા.૨૫-૦૪-૨૧ના રોજ શ્રી પ્રેમજીભાઈ મકવાણા
- તા.૨૭-૦૪-૨૧ના રોજ શ્રી બાલુભા ગોહિલ
- તા.૨૭-૦૪-૨૧ના રોજ શ્રી ચંદ્રિકાબેન જયંતીભાઈ ઉમરાળિયા
- તા.૨૮-૦૪-૨૧ના રોજ શ્રી ધનજીભાઈ બારડ
- તા.૨૮-૦૪-૨૧ના રોજ શ્રી નાનાબા લાલુબાપુ ગોહિલ
- તા.૨૮-૦૪-૨૧ના રોજ રતિભાઈ ત્રિકમભાઈ દવે
- તા.૨૮-૦૪-૨૧ના રોજ શ્રી અબ્દુલભાઈ મહંમદભાઈ માથકીયા
- તા.૨૯-૦૪-૨૧ના રોજ રમાબહેન નાનાલાલ વંડ્રા
- તા.૩૦-૦૪-૨૧ના રોજ શ્રી સમરસિંગ ચૌહાણ
- તા.૩૦-૦૪-૨૧ના રોજ શ્રી ચતુરભાઈ ગોહેલ
- તા.૦૧-૦૫-૨૧ના રોજ શ્રી રામજીભાઈ પટેલ
- તા.૦૨-૦૫-૨૧ના રોજ શ્રી પરેશભાઈ પંડ્યા
- તા.૦૩-૦૫-૨૧ના રોજ શ્રી હર્ષદભાઈ પંડિત
- તા.૦૩-૦૫-૨૧ના રોજ શ્રી રણમલસિંહ જાદવ
- તા.૦૫-૦૫-૨૧ના રોજ શ્રી ચંપાબહેન ગંગાશંકરભાઈ પંડિત
- તા.૦૫-૦૫-૨૧ના રોજ શ્રી જ્યોતિષભાઈ હર્ષકાંતભાઈ વોરા
- તા.૦૫-૦૫-૨૧ના રોજ શ્રી લાભશંકરભાઈ જોષી
- તા.૦૬-૦૫-૨૧ના રોજ શ્રી પ્રતાપભાઈ શાહ

## 'સતત રિયાઝથી રસ્તો ખૂલે જ છે': અક્ષત પરીખ

કોડિયું ટીમ
kodiyusanosara@gmail.com

અક્ષત પરીખને ઓળખવો હોય તો લોકપ્રિય એમેઝોન સિરિઝ 'બંદિશ બેન્ડીટ્સ'ની કોઈપણ એક શાસ્ત્રીય બંદિશને જુઓ-સાંભળો. એક વાર, પછી બીજી વાર. પહેલી વારમાં એના સંગીતને, મૂડને માણી લો અને બીજી વારમાં ગાનાર કલાકારની લીપ અને બોડી મુવમેન્ટને ધ્યાનથી જુઓ. તમને ખ્યાલ આવશે કે સાધારણ ગીતની અને શાસ્ત્રીય ગીતની ભાવભંગિમાં ખૂબ ફરક હોય છે. તેને માટે ખાસ પ્રકારની તાલીમ જોઈએ અને એ તાલીમ આપનારમાં પણ એક ખાસ પ્રકારની સજ્જતા જોઈએ.

જેમને આ સિરિઝનો ખ્યાલ નથી એમને માટે થોડી વિગતઃ ઑગસ્ટ ૨૦૨૦માં જ્યારે દેશ કોરોનાના સકંજામાં બરાબર આવી ચૂક્યો હતો ત્યારે શાસ્ત્રીય સંગીતની પશ્ચાદ ભૂમિકાવાળી ટીવી સિરિઝ 'બંદિશ બેન્ડીટ્સ' રિલિઝ થઈ. રાજસ્થાનના વૃદ્ધ સંગીત સમ્રાટ, પૌત્ર તેમના ઘરાનાનો સંગીતવારસો સંભાળે અને સંગીતસમ્રાટની પદવી મેળવે એ માટે કઠોર તાલીમ આપી રહ્યા છે. આ મહત્ત્વાકાંક્ષી દાદાનો એક ભૂતકાળ પણ છે, જેમાં તેમને એક રખાતથી થયેલો પુત્ર અને એની પ્રેમિકા જેવાં પાત્રો છે, જે બન્ને પણ અજોડ ગાયકો છે. પોતાનું સંગીતસમ્રાટ પદ કાયમ રાખવા દાદાએ આ બન્નેનાં જીવન સાથે સાચા કલાકારને ન શોભે એવી રમતો ભૂતકાળમાં રમી છે અને હવે પોતાના પૌત્રને એ પદ અપાવવા તેઓ કટિબદ્ધ થયા છે, સ્થિતિ એ છે કે તેઓ સાંભળવાની શક્તિ ગુમાવી રહ્યા છે. પૌત્ર મહેનતુ છે, પણ ઘરમાં આર્થિક મુશ્કેલી હોવાથી છદ્મવેશે પોપ સંગીતના કાર્યક્રમો આપે છે અને એની એક રોક સ્ટાર મિત્ર છે...

નાસીરુદીન શાહ, અતુલ કુલકર્ણી, શીલા ચઢ્ઢા જેવા દિગ્ગજ, પરિપક્વ કલાકરોએ આ સિરિઝમાં કામ કર્યું છે. સિરિઝ ન જોઈ હોય તો પણ તેની કેટલીક બંદિશો યુટ્યુબ પર ઉપલબ્ધ છે. દરેક બંદિશ પોતાનામાં એક પૂર્ણ કૃતિ છે. એક કલાવિવેચક કહે છે કે 'બંદિશ બેન્ડીટ્સ'માં રજૂ થયેલા સંગીતથી દેશના ઝાંખા પડી ગયેલા ચહેરા પર એક નૂર આવ્યું હતું. આ શ્રેણીના સંગીતકાર શંકર-અહેસાન-લોય છે. એની બીજી સિઝન આવી રહી છે એવું સંભળાય છે. દર્શકો તો આતુરતાથી રાહ જોઈ જ રહ્યા છે.

તો, આ સિરિઝનું ખરું સંમોહન શાસ્ત્રીય સંગીત હતું. સરગમ, તાન, આલાપ, ઠુમરી, સંગીત સ્પર્ધા, રાગના શુદ્ધ રૂપ, ઘરાનાની ખૂબીઓ, રિયાઝ, સાધના, તપ. સિરિઝ બનાવનારાઓ માટે એક કસોટી શાસ્ત્રીય સંગીત હતી અને બીજી કસોટી આખો વખત ગાતાં રહેતાં પાત્રોને ગાયનનું યોગ્ય દિગ્દર્શન આપવું તે હતી.

અહીં આપણા આ લેખના નાયક અક્ષત પરીખનો પ્રવેશ થાય છે. આ ત્રીસેક વર્ષનો યુવાન 'બંદિશ બેન્ડીટ્સ'નો મ્યુઝિક કૉચ હતો. તેણે આ પાત્રોને શાસ્ત્રીય ગીતની ભાવભંગિ એટલે કે હોઠ અને હાથનું યોગ્ય હલનચલન શીખવ્યું અને દરેક પાત્રને એવી રીતે રજૂ કર્યું જાણે પાત્ર પોતે શાસ્ત્રીય ગાયક હોય અને લાઈવ પરફૉર્મન્સ આપી રહ્યું હોય — 'એ સહેલું નહોતું,' અક્ષત કહે છે, 'કલાકારોને પહેલાં તો સમજાવવું પડે કે નોર્મલ ગીતમાં અભિનય કરવો અને શાસ્ત્રીય સંગીતમાં અભિનય કરવો એ બંને જુદી બાબતો છે. આલાપ વખતે અકાર-ઉકાર મુજબ મોંમાં જીભની સ્થિતિ હોવી જોઈએ, સ્વર ઊંચો કે નીચો હોય તે મુજબ ચહેરા પર સ્ટ્રેસ દેખાવું જોઈએ, ગળાની નસો યોગ્ય પ્રમાણમાં ફૂલવી જોઈએ, તાનપલટા વખતે હાથ અને આંગળીઓનું અનુરૂપ હલનચલન થવું જોઈએ. અને એ બધું એકદમ સહજ લાગવું જોઈએ. ન ઓછું, ન વધારે. કલાકારોને આ બારીકીઓનો ખ્યાલ આપવો પડે. દરેક બંદિશ

આ માપદંડ મુજબ કેવી રીતે રજૂ કરાય તે મારે શીખવવાનું હતું. કેટલાંક મુશ્કેલ દશ્યો વખતે હું સામે બેસું, કેમેરા કલાકારો પર હોય અને તેઓ મારી મુવમેન્ટને ફોલો કરી ગાવાનો અભિનય કરતા હોય. અમે બધાએ ખૂબ, દિલ દઈને મહેનત કરી.'

મહેનત રંગ લાવી. 'બંદિશ બેન્ડીટ્સ' આંતરરાષ્ટ્રીય ઓળખ પામી અને સાથે અક્ષત પરીખનું નામ પણ જાણીતું થઈ ગયું. અક્ષતે આ શ્રેણીમાં મ્યુઝિક સુપરવાઈઝર તરીકે કામ કર્યું ને સંગીતની એરેન્જમેન્ટ અને અન્ય ટેક્નિકલ બાજુઓ સંભાળી. પહેલા અને છેલ્લા એપિસોડમાં તેનો એક નાનો રોલ પણ છે.

પણ અક્ષત પરીખ આ સિરિઝના મ્યુઝિક કૉચ ઉપરાંત પણ બીજું ઘણું છે. અક્ષત અમદાવાદના પ્રસિદ્ધ સંગીત-સમર્પિત પરિવારનું ફરજંદ છે. વિખ્યાત પંડિત કૃષ્ણકાન્ત પરીખ એ અક્ષતના દાદા. તેમની પાસે તૈયાર થયેલા શિષ્યો આજે સંગીતક્ષેત્રે ગજું કાઢી રહ્યા છે. આ દાદા અને પિતા નીરજ પરીખ પાસેથી અક્ષતે બાળપણથી સંગીતની સઘન તાલીમ લીધી. બન્ને મેવાતી ઘરાનાના દિગ્ગજ સંગીત માર્તંડ પંડિત જસરાજના શિષ્ય. પંડિતજી અમદાવાદ આવે ત્યારે આ લોકોને ત્યાં જ ઊતરે.

અક્ષત કંઠ્ય સંગીત સાથે ઘણાં બધાં વાદ્યો શીખ્યો, સાઉન્ડ રેકૉર્ડિંગ વગેરે ટેક્નિકલ બાબતો પણ શીખ્યો. ૨૦૧૦માં દાદા અવસાન પામ્યા. સંગીત ચાલુ હતું પણ એક શૂન્યતાનો અનુભવ થતો હતો. યોગાનુયોગ એ ગાળામાં ગુરુજી-પંડિત જસરાજ અમદાવાદ કાર્યક્રમ આપવા આવ્યા. અક્ષતની સ્થિતિ પારખી તેનાં માતાપિતાને કહ્યું, 'આ છોકરો મને આપો.' માતાપિતાએ ગુરુનાં વચનોને આદરપૂર્વક સ્વીકાર્યાં અને આમ ૨૦૧૨માં અક્ષત મુંબઈવાસી બન્યો. હવે એક તરફથી શાસ્ત્રીય સંગીતની સાધના ચાલુ હતી, બીજી તરફથી જિંગલ્સ, એડવર્ટાઇઝ, ટીવી સિરિયલોનું સંગીત, ફિલ્મો. આમ કારકિર્દી બની રહી હતી. દરમિયાન તેનાં લગ્ન થયાં. અક્ષતની પત્ની પ્રાર્થના મહેતા પિયાનિસ્ટ છે અને એક મ્યુઝિક એકેડમી ચલાવે છે. આ એકેડમીમાં શાસ્ત્રીય સંગીત, લોકસંગીત, પશ્ચિમી સંગીત આ બધું શીખવાય છે.

૨૦૧૫ના સંગીતકાર પ્રીતમ સંચાલિત એક રિયાલિટી શોમાં ફાઇનલિસ્ટ તરીકે પસંદ થવાની ઘટનાને અક્ષત તેના જીવનનો મોટો વળાંક કહે છે. એ પછી તેને મોટા પ્રોજેક્ટ્સ મળ્યા. એકતા કપૂરની સિરિયલ 'પરદેસ મેં હૈ મેરા દિલ' 'મન મેં હૈ વિશ્વાસ'નું સંગીત, 'મહારાણા પ્રતાપ'ના ક્લાસિકલ્સનું ગાયન, પ્રોમોઝ – એક વિશ્વ ખૂલી ગયું તેની સામે. 'કોલોબરેશન મને ખૂબ પ્રિય છે. તેમાંથી હંમેશાં કંઈક નવું, આશ્ચર્યજનક નીપજી આવે છે.'

અક્ષત રિયાલિટી શોઝનું ગ્લેમર, શાસ્ત્રીય સંગીતની ગહન સૃષ્ટિ અને સંગીતના વ્યાવસાયિક પાસાં વિશે અત્યંત સ્પષ્ટ વિચારો ધરાવે છે. કહે છે, 'દાદાની પેઢીમાં શાસ્ત્રીય સંગીત ખૂબ પવિત્ર મનાતું. આજે પણ એ એટલું જ પવિત્ર છે, પણ એમની પેઢીમાં સંગીતના અન્ય પ્રકારો પ્રત્યે એક પ્રકારનો છોછ હતો, જે હવે નથી. આ પેઢી દરેક પ્રકારના સંગીતમાં કામ કરે છે. સર્વાઇવલનો પ્રશ્ન પણ છે, પરિવર્તનનો નિયમ પણ છે. અને સંગીતનો સંબંધ માત્ર અધ્યાત્મ સાથે નહીં, જીવનની અખિલાઈ સાથે છે. સંગીતમાં વિજ્ઞાન છે, ગણિત છે, સર્જનાત્મકતા છે, ભક્તિ પણ છે. જે સંગીત સૂરમાં હોય, ભાવમાં હોય તે મહાન જ છે, પછી તે કોઈ પણ પ્રકારનું હોય.

'રિયાલિટી શો'ના મહત્ત્વને અવગણી શકાય નહીં. એ અમુક રીતે બાધક છે અને અમુક રીતે મદદરૂપ પણ છે. તેમાં શક્યતાઓ છે, તકો છે, એક્સ્પોઝર છે અને ગ્લેમર, પોલિટિક્સ વગેરે પણ છે. એમાં ઘણું શીખવા મળે છે, એ શીખી લઈને બહાર નીકળતા આવડવું જોઈએ. ત્યાં જ અટકી જવાને બદલે વધુ સારી રીતે ને વધુ મહેનત કરવાની તૈયારી રાખવી જોઈએ.

'મારું શિક્ષણ, મારો રિયાઝ ચાલુ જ છે. અત્યારે હું પં. રતનમોહન શર્મા પાસે શીખું છું. સંગીત તો દરિયા જેટલું વિશાળ છે. આ તો શરૂઆત છે. સાત-આઠ વર્ષની ઉંમરથી દાદા પાસે શીખતો, ભણી રહ્યો ત્યાં સુધી એમણે જ શીખવ્યું. પ્રેમથી શીખવે; પણ રિયાઝની, પરફેક્શનની બાબતમાં ખૂબ કડક. રિયાઝ ચૂકી ગયો તો ફરી કરો. ગાવામાં ભૂલ થાય તો બરાબર ન થાય ત્યાં સુધી પુનરાવર્તન કરવાનું - થાક લાગે, ભૂખ લાગી હોય, રડવું આવે તો પણ. દાદા-

પિતા શીખવતા હોય, રિયાઝ કરતા હોય એ વાતાવરણમાં જ હું ઊછર્યો. એટલે રિયાઝ જીવનનો એક હિસ્સો બની ગયો છે. બેત્રણ દિવસ રિયાઝ ન થાય તો એવું લાગે જાણે હું બેત્રણ મહિના પાછો પડી ગયો છું. શાસ્ત્રીય સંગીત એક અનુષ્ઠાન છે. ચાલુ રાખવું જ પડે. આજે બધાને રાતોરાત સ્ટાર બની જવું છે, પણ મહેનત કરવાની તૈયારી નથી. બંદિશ બેન્ડીટની સફળતા બધાને દેખાય છે, પણ એ પહેલાંનાં વર્ષોના સંઘર્ષની કોઈને ખબર નથી. મહેનત કરી હોય, મદાર રાખ્યો હોય ને રિલિઝ જ ન થયા હોય એવા ય કેટલા પ્રોજેક્ટ હતા. હું તો ગુરુજીની સલાહને બરાબર અનુસરું છું, બીજું બધું આવે ને જાય, રિયાઝ ચાલુ રહેવો જોઈએ. રિયાઝ ચાલુ રહેશે તો રસ્તા ખૂલશે જ.'

'બંદિશ બેન્ડીટ્સ'ના અનુભવો વર્ણવતાં તે કહે છે, 'પ્રોડક્શન હાઉસમાંથી મને ફોન આવ્યો. કહે, 'એક્ટર્સને શાસ્ત્રીય સંગીત ગાતાં શીખવવાનું છે.' વાર્તા સમજાવી - અરે, આ તો મારી જ વાત છે. હું પણ દાદા પાસે સંગીત શીખ્યો છું, અને તે પણ ગુરુ-શિષ્ય પરંપરાથી. પછી ટ્રેનિંગ શરૂ થઈ. ચેલેન્જ એ હતી કે જે કલાકારો શાસ્ત્રીય સંગીત શીખ્યા ન હતા તેમને પંડિત તરીકે રજૂ થવાનું હતું. પડદા પર તેઓ વાસ્તવિક અને સ્વાભાવિક લાગવા જોઈએ.

'શરૂઆતમાં જરા ડરનું વાતાવરણ - મારે પક્ષે તો હતું જ. પણ કલાકારોએ મને સહજ કરી દીધો. નસિરૂદ્દીન શાહ આટલા સિનિયર, મોટા ગજાના કલાકાર પણ ખૂબ સરળ અને મહેનતુ. જે બંદિશ ગાવાના હોય તેના રાગ વિશે બધું જ સમજી લે, તેને ફીલ કરે. ખૂબ ખંતથી, ગંભીરતાથી શીખે. ચોક્કસ થયા પછી જ શૂટિંગ કરે. એમની સાથે એક-દોઢ મહિનો કામ કર્યું. એમને શીખવતા શીખવતા હું પોતે ઘણું બધું શીખી ગયો. અતુલ કુલકર્ણી પણ એવા જ શાનદાર. એમને શીખવવા હું એમને ત્યાં જતો. એક સાથે ઘણા કલાકો અમે કામ કરતા. તેઓ કલાકાર-કલાપ્રેમી પરિવારમાંથી આવે છે. બહુ ઝડપથી શીખી-સમજી જાય. તરત કરી બતાવે. એક પળમાં શાસ્ત્રીય ગાયકના રોલમાં આવી જાય. મારા જેવા નાનકડા છોકરા પાસે શીખવામાં બેમાંથી કોઈને જરા પણ છોછ નહીં.

'પણ મારે રિત્વિક ભૌમિક અને શ્રેયા ચૌધરી પાછળ ઘણી મહેનત કરવી પડી. શ્રેયા ચૌધરીની તો બેઝિક ટ્રેનિંગ હતી કેમ કે તેનું પાત્ર શાસ્ત્રીય સંગીત નથી જાણતું. રિત્વિક ભૌમિકને શાસ્ત્રીય અને પોપ બંને પ્રકારોમાં ઘણું ગાવાનું હતું. મારું બેકગ્રાઉન્ડ પણ શાસ્ત્રીય અને પોપ બન્નેનું હતું એટલે તેના પાત્ર સાથે હું બરાબર રિલેટ થઈ શક્યો. તેની તાલીમ લગભગ ત્રણેક મહિના ચાલી હતી.

'એક અનુભવ યાદ રહી ગયો છે. ૨૦૧૯નો એપ્રિલ મહિનો હતો. ભરઊનાળો. અમે બિકાનેરમાં શૂટિંગ કરી રહ્યા હતા. નસિર સર મલ્હાર રાગની રચના 'ગરજ ગરજ આજ મેઘ, ઘનન ઘનન છાયો રે દમક દમક ચમકે બિજુરી, કહત હૈ ઋતુરાજ આયો' ગાતા હતા ને અચાનક વરસાદ પડ્યો. મને યાદ છે, આ ઘટનાને સંગીતની પ્રકૃતિ પર અસર માનીને અમે કેટલા રોમાંચિત થઈ ગયા હતા.

'મારા માટે આ પ્રોજેક્ટ પડકારભર્યો, પરિશ્રમ માગી લેતો અને ઊર્જાથી ધબકતો રહ્યો. આ સિરિઝ, આજના ઓટીટી પ્લૅટફૉર્મ કરતાં જુદી જ બાબત છે. યુવાનોને તે ખૂબ ગમી છે. લોકો પોતાના સ્વાનુભવો મને મોકલે છે. કહે છે કે અમારે શીખવું છે, કે છૂટી ગયું છે તે ફરી શરૂ કરવું છે. મને લાગે છે કે શાસ્ત્રીય સંગીત પર વધારે પ્રમાણમાં કમર્શિયલ પ્રોજેક્ટ્સ થવા જોઈએ. સંગીત જ નહીં, ભારતીય સંસ્કૃતિની અન્ય ભવ્ય બાબતોને લગતા શોઝ પણ થવા જોઈએ.'

પોતાની મહત્ત્વાકાંક્ષા અને ભાવિ યોજનાઓ વિશે અક્ષત કહે છે, 'સંગીત આત્મા સાથે જોડાયેલી બાબત છે. સ્વરૂપ થોડું બદલાય, પણ સંગીત તો રહેવાનું જ. મારે ઘણું કરવું છે. પહેલું તો સારું ગાવું છે. સંગીત શીખવવું પણ છે. એક મ્યુઝિક સ્કૂલ બનાવવી છે - શાસ્ત્રીય સંગીત, લોકસંગીત, પશ્ચિમી સંગીતનો સમન્વય કરતું સેન્ટર ઊભું કરવું છે. ઈલેક્ટ્રોનિક સાધનોથી શાસ્ત્રીય બંદિશો રજૂ કરવી છે. યુવાન મિત્રોને ખાસ કહેવા માગું છું કે ધ્યેય એવું ન રાખો કે મારે પ્રોજેક્ટ માટે કે ફિલ્મ માટે કે સફળતા માટે ગાવું છે. ધ્યેય એવું રાખો કે મારે સારું ગાવું છે. મહેનત એ ધ્યેયને માટે કરો.'

(સ્રોતઃ ઇન્ટરનેટ)

## ૦૯. સંભારણાં

### ડૉક્ટર અરવિંદભાઈની અલવિદા
### મોહન મઢીકર 'આનંદ'

---

ગાંધી વિચારના પુરસ્કર્તા, નઈ તાલીમના સાધક, પીડિત હળપતિ સમાજની આંખના અમી, હળપતિ સેવા સંઘ-બારડોલીના પ્રમુખ, બુનિયાદી શિક્ષણ રચનાત્મક સંઘ-બારડોલીના અધ્યક્ષ, આશ્રમશાળા પગલાં સમિતિના પ્રમુખ અને ગાંધી વિદ્યાપીઠ-વેડછીના ઉપપ્રમુખ શ્રી અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈનું ૮૨ વર્ષની જૈફ વયે હૃદયરોગના તીવ્ર હુમલાથી તારીખ ૦૮-૦૪-૨૦૨૧ના રોજ બ્રહ્મમુહૂર્તે નિધન થયું છે.

તેમના નિધનથી વેડછીના પૂ. જુગતરામ દવેના શિષ્યો અને સહકાર્યકરોની યુવાન પેઢીનો સૂર્યાસ્ત થયો છે. તેમણે આજીવન આદિવાસીઓ પૈકી સૌથી પછાત, જમીન વિહોણી, કંગાલ, શોષિત એવી દુબળા-હળપતિ જાતિના સર્વાંગી વિકાસ માટે સખત કામ કર્યું છે. પોતે અનાવિલ છતાં પિતાના પગલે ચાલી હલપતિઓના ઉદ્ધાર માટે જબરજસ્ત કામ કર્યું. જમીનદારો-ખેડૂતોની નાગચુડમાંથી ખેતમજૂર હળપતિઓને મુક્ત કરાવવા એમણે સતત સંઘર્ષ કર્યો. તેથી જેઓ 'સંઘર્ષ પુરુષ' તરીકે ઓળખાતા થયેલા.

બારડોલી સત્યાગ્રહ કાળે સ્વાતંત્ર્યસેનાની અને હળપતિ સેવક પિતા છોટુભાઈ (જીજા) દ્વારા સ્થાપિત ભુવાસણ આશ્રમમાં તેઓ તારીખ ૦૮-૦૯-૧૯૩૯માં માતા સવિતાબેનના ઘરે જન્મ્યા. પ્રાથમિક શિક્ષણ પૂણી ગામમાં, માધ્યમિક શિક્ષણ નવસારીમાં લઈ ગૂજરાત વિદ્યાપીઠમાં 'સ્નાતક' થયા. વિદ્યાપીઠમાં તોફાની અને આંદોલનકારી વિદ્યાર્થી તરીકે જાણીતા થયેલા. સ્નાતક થતાં પૂર્વે જ પૂ. જુગતરામભાઈ દવેએ એમને પ્રેમપૂર્ણ વચનના બંધનથી બાંધી લીધા હતા: 'ભણીને તારે પિતાનું હળપતિ કોમના લોકોનું જીવનની કાયાપલટ કરવાનું અધૂરું કાર્ય પરિપૂર્ણ કરવાનું છે!' એમણે તરત સંમતિ આપી અને વચન પાળ્યું.

સ્નાતક થઈ પૂ. જુગતરામ દવેએ સ્થાપેલ 'હળપતિ સેવા સંઘ - બારડોલી'માં એમના જ પ્રમુખપણા હેઠળ અરવિંદભાઈ મંત્રી તરીકે જોડાયા - ૧૯૬૨. ચાલીસ વર્ષ મંત્રી તરીકે અને વીસ વર્ષથી પ્રમુખ તરીકે સેવા બજાવતા રહ્યા. ઝાડ-પાનનાં માંડવામાં શરૂ કરેલ આ સંસ્થાનો અરવિંદભાઈએ પ્રચંડ પુરુષાર્થ કરી આજે પચાસ શિક્ષણ સંસ્થાઓનું ઊંડાણનાં ગામોમાં મોટું વૃક્ષ ઉછેર્યું છે. આજે હળપતિ સેવા સંઘ સંચાલિત અને આશ્રમ શાળાઓ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયો, કન્યા અને કુમાર છાત્રાલયો વલસાડ, નવસારી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરસ રીતે ચાલે છે. જેમાં વર્ષે ૭૦૦૦ હળપતિ અને આદિવાસી કુમાર-કન્યાઓ શિક્ષણ મેળવી જીવન ઘડતર કરી રહ્યા છે. આજ સુધીમાં અઢી લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ ડૉક્ટર, ઇજનેર, વકીલ, પ્રોફેસર, શિક્ષક કે સરકારી ખાતામાં જોડાઈ સમાજસેવા કરી રહ્યા છે.

અરવિંદભાઈ નઈ તાલીમના ચુસ્ત હિમાયતી હતા. શિક્ષણની ગુણવત્તા વધારવા દર વર્ષે તેઓ શિક્ષક-આચાર્ય સેમિનારો, વિદ્યાર્થી-શિક્ષક સંગીત શિબિર, રસોઇયા તાલીમ શિબિર અને સામૂદાયિક અનન્ય પ્રયોગ સમાન 'સઘન શિક્ષણ શિબિર'નું, પાંચ દિવસનું ભવ્ય અને સુંદર આયોજન કરતા હતા. તેમાં ગુજરાતભરના નામાંકિત શિક્ષણવિદોને વ્યાખ્યાન-માર્ગદર્શન અર્થે નિમંત્રણ આપતા હતા. પરિણામે એમની શાળાઓનું બોર્ડનું પરિણામ હંમેશા ૬૦થી ૧૦૦ ટકા વચ્ચે આવતું રહ્યું છે.

તેઓ  કુશળ પ્રશાસક, દીર્ઘદષ્ટા, માણસ પારખું, ત્વરિત નિર્ણયકર્તા, પ્રેમાળ, દષ્ટિવંત પ્રયોજક, સૌને સાથે રાખી ચાલનારા, વિષ પચાવી જનારા અને દુર્બળ, દિન-દલિતોનો પહેલો વિચાર કરનારા અનોખા વ્યક્તિત્વના સ્વામી હતા. તેથી તેઓ દક્ષિણ ગુજરાતના સેંકડો સંચાલકોને એકસૂત્રે બાંધી 'બુનિયાદી શિક્ષણ રચનાત્મક સંઘ'ની સ્થાપના

કરી શક્યા અને પ્રમુખ બની તમામ સંસ્થાઓને ચેતનવંતી રાખી શક્યા. એમના જવાથી દક્ષિણ ગુજરાતની તમામ સંસ્થાઓ માટે નહીં પૂરી શકાય એવો ખાલીપો સર્જાયો છે! જો કે એમણે સારી સંખ્યામાં સબળ યુવાન કાર્યકર્તાઓ તૈયાર કર્યા છે એ મોટું જમા પાસું છે.

હળપતિઓની આર્થિક સ્થિતિ સુધારવા એમણે હાળીપ્રથા કાયદો કરાવીને બંધ કરાવી, હળપતિઓનું સંગઠન ઊભું કરી એમને હક્કો માટે જાગૃત કર્યા. સરકાર સામે લડત, આંદોલનો, સહી ઝુંબેશ ચલાવી 'લઘુતમ વેતન ધારો' અમલી બનાવ્યો. ઘરથાળની જમીન અપાવી. એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ કરાવી કાયમી રોજી-રોટી અપાવી. સ્વાયત્ત હળપતિ ગૃહ નિર્માણ બોર્ડની રચના કરાવી હળપતિઓને પાકા ઘરોમાં રહેતા કર્યા. આ યોજના હજુ ચાલુ છે.

'રૂરલ લેબર એસોસિએશન યુનિયન'ની સ્થાપના કરી ખેતમજૂરી આ સિવાય અન્ય નાના ઉદ્યોગોના તાલીમ કેન્દ્રો શરૂ કરી બહોળી રોજગારીનું સર્જન કર્યું. હળપતિના વિકાસ માટે ખાસ 'સર્વોદય યોજના' મંજૂર કરાવી યુવા હળપતિ પેઢીને વિવિધ ધંધા-રોજગાર તરફ વાળ્યા.

હળપતિઓના સામાજિક સુધારા માટે નશાબંધીની ઝુંબેશ ઉપાડી ઉમરગામથી અંબાજી સુધી બે માસની પદયાત્રા કરી હતી. વ્યસનમુક્તિ, કુરિવાજો દૂર કરવા, ખોટા સામાજિક ખર્ચા બંધ કરાવવા અને જનજાગૃતિ કાજે ઠેરઠેર સભા-સંમેલનો યોજાયાં.

૧૯૬૮ની તાપીની ભયાનક રેલ વખતે હજારો હળપતિ નિવાસો તણાઈ ગયેલા. ત્યારે સરકાર અને દાતાઓની મદદથી એમણે ૨૧,૦૦૦ હળપતિ આવાસો ઊભા કરાવ્યા હતા અને ૩૦,૦૦૦ નિરાધાર હળપતિ પરિવારોને ઘરવખરીનું વિતરણ કરી હનુમાન કાર્ય કર્યું હતું. ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ વખતે પૂ. રવિશંકર મહારાજ સાથે રાધનપુર,વારાહી અને ખેડા જિલ્લામાં લોકો અને પશુઓ માટે પાણી અને ખોરાક પૂરા પાડવાનું ભગીરથ કાર્ય એમણે કરેલું. જે યાદગાર અને નોંધનીય ઘટના હતી.

તેઓ સારાં કાર્યો કરી અન્ય કાર્યકરોના દ્વેષનો ભોગ બનેલા. સરકાર પાસે એમની 'મીસા' હેઠળ ધરપકડ કરાવી જેલમાં પુરાવ્યાં. પૂ. જુગતરામ દવેની મધ્યસ્થીથી છેવટે સત્યનો વિજય થયો. નવનિર્માણ આંદોલન વખતે વિઘ્નસંતોષી લોકોએ એમને ઢોરમાર મારી કપડાં ફાડી નાંખી નગ્ન કરવા પ્રયત્ન કરેલો, ત્યારે અરવિંદભાઈએ શાંતિ અને સહિષ્ણુતાના માર્ગે ચાલી મોટો વર્ગ-વિગ્રહ થતો અટકાવ્યો હતો. જેની સૌએ ભૂરીભૂરી પ્રશંસા કરી હતી.

અરવિંદભાઈનાં સેવા કાર્યોને ધ્યાનમાં લઈ ભારત સરકારે 'ઇન્દિરા વૃક્ષ મિત્ર એવૉર્ડ', ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા એવૉર્ડ, વર્લ્ડ પીશ એન્ડ સેફટી કાઉન્સિલ દ્વારા 'મધર ટેરેસા એવૉર્ડ', એમણે લખેલા 'સમાજ નવરચના' મહાનિબંધ માટે ઇન્ટર અમેરિકન યુનિવર્સિટી ઑફ હ્યુમેનિસ્ટિક સ્ટડીઝ, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા-ફ્લોરિડા તરફથી 'ડૉક્ટર ઑફ ફિલોસોફી ઇન સોશ્યલ સ્ટડીઝ'ની માનદ ડિગ્રી એનાયત થઈ હતી. આ સિવાય અન્ય એવૉર્ડ અને સન્માનપત્રો એનાયત થયાં છે. અરવિંદભાઈ કહતાઃ 'મારી દૃષ્ટિએ મારું સૌથી મોટું સન્માન મારા હળપતિ લોકોએ બારડોલીમાં વિશાળ રેલી કાઢી અને સન્માન પત્ર આપ્યું તેને ગણું છું.'

એમણે સમયે સમયે વિવિધ હોદ્દા શોભાવ્યા છે. ગૂજરાત નઈ તાલીમ સંઘના પ્રમુખ, ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી, ગાંધી મેળાના અગ્રીમ આયોજક, ગુજરાત ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડના ડિરેક્ટર, ગુજરાત નશાબંધી સમિતિના પ્રમુખ વગેરે.

એમની સિદ્ધિનો ડંકો ગુજરાત, ભારતમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પડઘાયો છે. એમણે ૪૦ વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના વિશ્વ કક્ષાના સેમિનારોમાં ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા છે. એ માટે એમણે દશ દેશોનો પ્રવાસ ખેડ્યો હતો.

એમણે પર્યાવરણ, વૃક્ષઉછેર, હળપતિઓની કરુણ કથા, જેવી દશેક પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે.

એમના અમૃત મહોત્સવ પ્રસંગે એમના જીવન-કવન ઉપર પ્રકાશ પાડતો 'સંઘર્ષ પુરુષઃ અરવિંદ દેસાઈ'ના નામે ગ્રંથ પ્રકાશિત થયો છે. તથા એમના જીવનની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બની છે.

તરછોડાયેલા, પાછળ રહી ગયેલા સમાજની કાયાપલટ કરવામાં એમણે જીવન સમર્પણ કર્યું છે. આવા કર્મવીર સહુના લાડીલા 'ભાઈ' અને 'દાદા' સદા અમરરહો.

# ૦૯. સંભારણાં

## સ્વ. બાલુભા ગોહિલ :– લોકભારતીના એક અદના સેવક
## પ્રશાંત નાનાભાઈ ભટ્ટ

---

''દરબાર, મેં આ રજનીકાંતે મોકલાવેલ કાગળ જોઈ લીધો છે અને જ્યાં કાંઈ ઉમેરવા જેવું લાગ્યું ત્યાં ઉમેર્યું છે તેમ રજનીકાંતને કહેજો. અને હા, બીજી એક વાત કહેવાની, પ્રશાંતને કાંઈક અરીસા સાથે દાંતિયો હોય તેવું પાકીટ લેવું છે તો તમે તેને ગામમાં લઈ જઈ તેને જેવું પાકીટ જોઈએ તેવું હસન અબ્દુલ્લાની દુકાને કે બીજે કયાંયથી અપાવજો અને પૈસા મંજુ પાસેથી લેતા જજો.''આ સંવાદ નાનાભાઈ અને બાલુભાઈ વચ્ચેનો.

અહીં દર્શાવેલ ઘટનાઓ/વિગતો ૧૯૫૫થી ૧૯૬૧ના ગાળાની એટલે કે આજથી ૬૦ વર્ષ પૂર્વેની છે. મૂળ તો હું મારા પ્રાથમિક શાળાનાં છઠ્ઠા ધોરણના સાથીદારો સાથે લોકભારતીમાં કપાસ વીણવાનાં શ્રમકામ માટે આવેલો. તે સમયે ધરમશી નામના તેના મિત્રએ કપાસ વીણતાં વીણતાં પોતાના ઉપરના ખિસ્સામાંથી લાલ કલરનું પાકીટ કાઢ્યું અને પાકીટ ખોલ્યું ત્યાં તો તેમાં અરીસો અને સાથે લાલ દાંતિયો પણ ખરો. ધરમશી પોતાનું માથું ઓળવા લાગ્યો. પણ મારા મનમાં આ જોઈને ખૂબ કૂતુહલ થયું અને મેં આ વિશિષ્ટ પાકીટ ધરમશી પાસે બે ત્રણ વાર ખોલાવીને જોયું અને મનમાં એવી ગાંઠ વાળી કે મારે પણ આવું પાકીટ લેવું. મેં ઘરે આવી નાનાભાઈ, અજવાળીબા અને મંજુબેનને વાત કરી. અજવાળીબા તરત બોલ્યા ''તારે કયાં પૈસા રાખવાનાં છે તે પાકીટ જોઈએ.'' પણ મારી તો જીદ હતી એટલે નાનાભાઈએ કહ્યું કે આપણે ગામમાંથી આવું પાકીટ તેને અપાવી દેવાનું મેં નક્કી કર્યું છે અને તેથી નાનાભાઈ અને બાલુભાઈના ઉપરોકત સંવાદના પરિણામે મને બીજે દિવસે અદલ ધરમશી પાસે હતું તેવું પાકીટ બાલુભાઈની સાયકલ પર આગળ બેસી ગામમાં હસનભાઈની દુકાને(મોટી દુકાન કહેવાતી)થી અપાવ્યું. (તે સમયે આજથી ૬૦ વર્ષ પૂર્વે તો મારા માથામાં સારી ખેતી હતી તેથી દાંતિયાનો ઉપયોગ બરાબર થતો!)

સંસ્થાનાં સૌ પ્રથમ સેવક (મને પટાવાળા શબ્દ અરુચીકર લાગે છે, માટે સેવક શબ્દ પ્રયોજું છું.) બાલુભાઈ ગોહિલ હતા. સૌ તેમને બાલુભાઈ જ કહેતાં. બાલુભાઈનો દેહ સપ્રમાણ, ખાદીનો લેંઘો અને આખી બાંયનું ઓપન શર્ટ આછા વાદળી કે સફેદ રંગનું. મોઢા પર શીતળાનાં ચાઠાં, દરબારી ઢબની મોટી ભરાવદાર મૂંછો અને મોઢામાં પાન–માવાને કારણે લાલ થઈ ગયેલા દાંત. બાલુભાઈ બીડીનાં ભોગી. Chain Smoker ગણાય) રોજનું એકાદ બંડલ પી જતા હશે પરંતુ સંસ્થામાં સૌ વડીલો, વિદ્યાર્થીઓની આમન્યા રાખે અને કોઈની નજર સામે ક્યારેય બીડી ન પીવે. બોલવાનું એકદમ ઓછું અને ધીમું.

તે સમયે સંસ્થાની ઑફિસ હાલની પ્રયોગશાળાની બાજુમાં, ત્યાં થોડા સમય પૂર્વે સતીષભાઈ પટેલ રહેતાં હતાં તે મકાનમાં હતી. ઑફિસ સ્ટાફમાં મુખ્યત્વે રજનીભાઈ મોદી, ઉષાકાંતભાઈ વૈદ અને તે સમયનાં સ્ટેનો-ટાઈપીસ્ટ અરવિંદભાઈ હોય જ. આ ઉપરાંત બુચભાઈ(નટવરલાલ પ્ર. બુચ), મૂળશંકરભાઈ, મનુભાઈ, રતિભાઈ અંધારિયા, જ્યોતિભાઈ દેસાઈ વિગેરે કોઈને કોઈ કામ સબબ ઑફિસમાં આવે. તદઉપરાંત હિસાબી કામ માટે હરિભાઉ(હરિભાઈ કુંવરાણી) અને જયંતીભાઈ શેઠ બંને માટે એક અલાયદી જગ્યા હતી. સેવક તરીકે બાલુભાઈ ઑફિસનાં સમય પ્રમાણે સવારથી બપોર અને બપોરથી સાંજ તેમ બન્ને સમયે અચૂક હાજર હોય.

સંસ્થાઓનાં વિવિધ વિભાગમાં મોકલવાનાં સરકયુલર, ટપાલો, પૈસા આપવા લેવાનાં કામો વિગેરે ઑફિસનાં તમામ કામો બાલુભાઈ ખૂબ નિષ્ઠાથી કરે. સાઈકલ ઉપર રોજ આખી સંસ્થાનાં આ બધાં કામનાં કારણે

બે ત્રણ આંટા તો અચૂક મારતા હશે. દરેકને તેમના કામથી ખૂબ સંતોષ અને સૌ તેમને માનથી જુએ. માત્ર એક જ વિશેષતા તેઓ સતત પૈસાની ભીંસમાં હોય અને કાર્યકરો પાસેથી પણ 'ઉછીના'માગે. હરિભાઈ કુંવરાણી પાસે પણ માસ દરમ્યાન ઉછીનાં પૈસા માગે. પગાર તો માંડ મહિને ૫૦-૭૫ રૂપિયા તે ગાળામાં હતો. હરિભાઈ નાનાભાઈને પૂછે ત્યારે નાનાભાઈ કહે : ''દરબારનો પરિવાર મોટો છે, પાછું પાન—બીડીનું વ્યસન એટલે ભીંસમાં રહેતા હશે. ??-?? રૂપિયા તેમને આપવા.''

બાલુભાઈનો અમારા પરિવાર સાથેનો નાતો પણ એક અલગ પ્રકારનો. અજવાળીબા, મારાં મોટાં બેન મંજુબેન કે કોઈને સણોસરા ગામમાંથી કોઈ ચીજ-વસ્તુ મંગાવવાની હોય તો બાલુભાઈ સાયકલ પર જઈને તે વસ્તુ લઈ આવે. શરૂઆતનાં વર્ષોમાં મારા મોટાભાઈ ભરતભાઈ આંબલા અભ્યાસ કરતાં અને છેલ્લે લોકભારતીમાં. તેથી તેમને અભ્યાસમાં ખલેલ ન પાડવી તેમ નાનાભાઈ માને. ઘણી વાર અજવાળીબા કંઈક કહેવાનું ભૂલી ગયા હોય અને પાછળથી યાદ આવે તો બાલુભાઈ ગામમાં બીજો ધક્કો પણ ખાય. આવા સમયે નાનાભાઈ અજવાળીબાને ટકોર કરતાં કહે : ''આપણે દરબારને ગામનાં વધારે ધક્કા ન ખવરાવવા. વસ્તુઓની યાદી તૈયાર કરી એક જ ધક્કામાં બધું કામ થઈ જાય તેમ ગોઠવવું.'' બાલુભાઈના બીજા ધક્કા વખતે પણ મોઢા ઉપરની કોઈ રેખાઓ બદલાય નહીં અને શાંતિથી બોલે : ''બા કહો, ગામમાંથી જે લાવવાનું છે તે લાવી આપીશ.''

મારો અને બાલુભાઈનો પણ એક અલગ સબંધ. અમદાવાદથી ટ્રેઈનમાં મારી મોટી બેન સરલાબેન અને તેમની નાની દીકરી ફાલ્ગુની(કક્કુ) જ્યારે સાબરમતી અથવા તો મેઈલ ટ્રેઈનમાં આવે ત્યારે સણોસરા રેલ્વે સ્ટેશને અથવા તો સોનગઢ રેલ્વે સ્ટેશને સંસ્થાનું સ્ટેશન વેગનમાં(તે સમયે સંસ્થામાં એક જ મોટી ગાડી હતી) લેવા જવા માટે બાલુભાઈની સાથે મારે અચૂક જવાનું. અજવાળીબા બાલુભાઈને ખરાવીને સૂચના આપે કે ટ્રેઈન આવે ત્યારે પ્રશાંતનો હાથ પકડીને દૂર ઉભા રહેજો. બાલુભા જો મને લીધા વિના સરલાબેનને લેવા ગયા હોય તો હું ઘરમાં કંકાસ કરી મૂકું. એક વાર વહેલી સવારે ચાર વાગે નીકળીને અમારે સોનગઢ જવાનું હતું. નાનાભાઈનાં પરમમિત્ર/સ્નેહી સ્વામીઆનંદ(અમારા તો સ્વામીકાકા) આવી રહ્યા હતા. વહેલી સવારે અમે બાલુભાઈના ગામના ઘર સુધી સ્ટેશન વેગન લઈ ગયા અને સાદ પાડ્યો. થોડી વારે બાલુભા ડેલાની ઉપર આવેલ રૂમની બારીમાંથી ડોકાયા અને બોલ્યાં : ''મને રાતથી ગોળો ચડ્યો છે (ગેસ થયો છે) એટલે હું આજે સ્ટેશને નહીં આવી શકું.'' એટલે હું અને ડ્રાયવર બે જ જણા સોનગઢ રેલ્વે સ્ટેશને ગયા. મારી સાંભરણ પ્રમાણે ડ્રાયવર તરીકે કદાચ આપણા નરસિંહભાઈ અથવા તો તે પહેલાના ડ્રાયવર શાંતિલાલ હતા.

સાંજે ઑફિસેથી છૂટીને બાલુભાઈ અમારે ઘરે (હાલનું ઋષિકુંજ) આવે. મંજુબેન અને બાને તેમ જ નાનાભાઈને કાંઈ કામકાજ હોય તો પૂછે. મંજુબેન ઘણીવાર કોઈ કાર્યક્રમ હોય તો મોગરાની વેણી પહેરતાં. તેથી ગામમાં કાસમભાઈને કહીને મોગરાની વેણી તૈયાર કરાવડાવી બાલુભાઈ સવારે આવે ત્યારે વેણીને પડામાં વ્યવસ્થિત પેક કરી, ઉપર પાણી છાંટી અને મંજુબેનને આપે. અજવાળીબાને ગામમાંથી કેળાં કે નાનાભાઈ માટેનું કોઈ શાક મગાવવાનું હોય (જે લોકભારતીમાં ન મળતું હોય તે) તે બાલુભાઈ પાસે મંગાવે.

ઘરમાં ભીમજીભાઈ દરજી બેસે ત્યારે અમારાં બધાનાં ખાદીનાં કપડાં સીવાય અને વધેલાં ખાદીનાં કાપડમાંથી નાના મોટા હાથ રૂમાલ પણ થાય. મારે પણ આવા જ રૂમાલ વાપરવાનાં. એક વખત ગામની પ્રાથમિક શાળામાં મારા સાથી વિદ્યાર્થી મિત્ર કાળુ લીંબાણી પાસે સાસકીન(એક પ્રકારનું કાપડ) નો ચકમકતો હાથ રૂમાલ મેં જોયો અને હું લોભાયો. મેં મંજુબેનને વાત કરી એટલે તેમણે મને સમજાવ્યો કે ''તે તો મિલનો રૂમાલ કહેવાય. આપણે ન લેવાય.'' પણ મારી જીદ એમ કાંઈ છૂટે ? એટલે સુપ્રીમકોર્ટ (નાનાભાઈ) એ ચુકાદો આપ્યો કે બાલુભાઈ કાલે પ્રશાંતને ગામમાં હસનભાઈની દુકાને લઈ જાય અને પ્રશાંત જેના પર હાથ મૂકે તે રૂમાલ તેને અપાવે. અને મેં પણ કાળુના હાથ રૂમાલને ટક્કર આપે તેવો સાસકીનનો ઝગમગતો હાથ રૂમાલ લીધો.

બાલુભાઈનો એક પ્રસંગ આપણા પૂર્વ કાર્યકર સ્વ. મુકુંદભાઈ મુનિએ પૂર્વકાર્યકર મુ. યોગેશભાઈ ભટ્ટને કહેલો. તે સમયે પણ વિદ્યાર્થીઓનાં પ્રવેશ વખતે પ્રવેશ પરીક્ષા લેવાતી. પ્રવેશ પરીક્ષાનું પેપર બાલુભાઈ લીથો કરતા અને આ પ્રક્રિયા ખૂબ ખાનગીમાં થતી. પરીક્ષા આપવા આવનાર બહારના બે – ચાર વિદ્યાર્થીઓએ બાલુભાઈને પરીક્ષાનાં પેપર્સની નકલ આપવા કહ્યું અને સામે સારી એવી રકમ આપવાની ઓફર કરી. ત્યારે બાલુભાઈનો ચહેરો લાલચોળ થઈ ગયો અને બોલ્યા : ''આ નાનાદાદાની લોકભારતી છે. અહીં ચોરી કરી અને લાંચ આપવાનો વિચાર પણ કરશો નહી.''આમ જરૂરી તમામ ગુપ્તતા તેમણે હંમેશા જાળવી. હંમેશ આર્થિક ભીંસ ભોગવનારની આ ખુમારીને સલામ કરવી પડે!

ઉપરોક્ત બનાવ બાદ યોગેશભાઈએ એક વાર બાલુભાઈને ઑફિસમાં મળી જતાં સાહજિક રીતે જ આ બનાવ અંગે અભિનંદન આપ્યાં (બાલુભાઈ લાંચ ન લીધી તે બાબત). ત્યારે બાલુભાઈએ સહજતાથી કહ્યું : ''યોગેશભાઈ,આ તો નાનાદાદાની સંસ્થા છે. એમાં આવો વિચાર પણ કેમ કરાય ?'' બાલુભાઈની આ સમજની આ ઊંચાઈ કેમ માપશું ? સંસ્થાના ભાવાવરણનો કેવો મોટો પ્રભાવ!

છેલ્લાં ત્રણેક વર્ષમાં હું તેમને બે વાર તેમના ઘરની પાસે આવેલ રામજી મંદિરે જઈ નિરાંતે મળ્યો. ફોટા પણ પડાવ્યા. જૂની વાતો ખૂબ યાદ કરી. ત્યારે તેમણે પોતે કહેલ એક પ્રસંગ અહીં મૂકું છું. ''નાનાદાદા મને ' દરબાર' કહીને જ બોલાવે. મારે રોજ ઑફિસનાં કોઈક કાગળો બતાવવા, લેવા કે કોઈ કામસર તેમને મળવાનું બને. મારા પરિવારનાં ખબરઅંતર પૂછે તેમાં એક વાર પૂછ્યું કે મારા તરફથી તમને નિયમિત પૈસા મળે છે ને ? તે સમયે નાનાદાદા મને તેમનાં ઘરનાં કામ હું કરતો તે પેટે રોજનો એક રૂપિયો આપતાં. મેં કહ્યું કે હમણાં ઘણાં સમયથી હરિભાઈએ પૈસા આપ્યાં નથી. નાનાદાદાએ તાત્કાલિક ઑફિસમાંથી હરિભાઈ કુંવરાણીને બોલાવ્યા અને કહ્યું : ''દરબારને એક વર્ષનાં રૂા. ૩૬૫/– આજે જ મારા ખાતામાંથી લઈને આપીદયો. ''આમ કહેતાં બાલુભા ઢીલા પડી ગયાં. મને કહે : ''નાનાદાદાનું તો મૂલ ન થાય.'' મેં નીકળતી વખતે રૂા. ૫૦૦/–આપ્યાં તો કહે : પરશાંતભાઈ, હું બહું સુખી છું. છોકરાઓ સારું કમાય છે અને મને સાચવેય છે. માટે મારે તમારા પૈસા ન લેવાય. પણ મેં હાથ જોડીને વિનંતી કરી એટલે મારું માન રાખવા પૈસા લીધાં. મારી આ બંને મુલાકાતો આપણે ત્યાંના હાલનાં કાર્યકર જયવંતસિંહ ગોહિલે ગોઠવી આપેલ, જે બાલુભાઈ પરિવાર સાથે પણ જોડાયેલ છે.

મેં તેમનાં બંને નાનાભાઈઓ અજિત અને લખધીરનાં સમાચાર પૂછ્યાં ત્યારે ભારે હૃદયે બોલ્યા કે બંને આજે હયાત નથી. ભાઈ અજિત તો પ્રાથમિક શાળામાં મારી સાથે ભણતો હતો. મારો ક્લાસમેટ હતો.

હું અને મારો જીગરી દોસ્ત વિક્રમ(વિક્રમભાઈ મૂળશંકરભાઈ ભટ્ટ) બાલુભાઈની નવ દાયકાનાં (લગભગ ૯૩ વર્ષ) દીર્ઘાયુષની વાત કરતા હતા ત્યારે તેણે સરસ મજાક કરેલ ''એલા બાલુભાઈ જેવા Chain Smoker જો ૯૦ + હોય તો આપણે તો બીડીનાં ઠૂંઠાં પીધાં હોત તોય ફાયદો જ થયો હોત! અમારાબન્નેનાં Stamp Collectionનાં શોખને બાલુભાઈએ સરસ પોષેલો સંસ્થાની ટપાલનાં પરબીડિયા પર આવતી ટીકીટો અમને ભેગી કરીને આપતાં.

બાલુભાઈનાં અનેક સંભારણાં પૂરની જેમ ધસમસે છે. પણ મારે પણ ક્યાંક અટકવું જોઈએ. લોકભારતીનાં ગુરુજનોનું પુણ્ય તો કયારેય પરવારવાનું નથી. પરંતુ બાલુભાઈ, માનસિંગબાપુ (ઑફિસ ટપાલ), બનેસંગબાપુ (ગૌશાળા), અલીભાઈ (કલઈવાળા), ડાહ્યાભાઈ (ડીઝલ એન્જીન ચલાવનાર), ઉકાભાઈ (ખેતી વિભાગ), જયામાં (રસોડું), શાંતાબેન મકવાણા અને હજુ હયાત છે તેવા નરસિંહભાઈ (ડ્રાઈવર) અને આવા તો અનેકને યાદ કરવા પડે. જેમની અસામાન્ય નિષ્ઠા, પ્રમાણિકતા અને સમર્પણથી લોકભારતીનું પોત ઝાંખુ નથી પડ્યું.

પ્રભુ બાલુભાઈના આત્માને શાંતિ આપે.

●---------●●●--------●●●---------●

પ્રશાંત નાનાભાઈ ભટ્ટ,''સાંનિધ્ય'', પ્લોટ નં. ૧૫૨૧/બી–૧ ,થિયોસોફીકલ લોજ પાછળ, ભાવનગર.
મોબાઈલ નંબર : ૯૭૨૭૭૬૩૦૦૫.

## પ્રકાશવંત લોકદીવડા
## પ્રવીણચંદ્ર ઠક્કર

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ૬૮ વર્ષના યશસ્વીકાળમાં અહીંના વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોષીના શબ્દોમાં વણદીઠેલી, ખેડેલી અજાણ, દૂર–સુદૂર ભોમકા પર પોતાના જે સોનેરી પગલાં અંકિત કર્યા છે તેની વિશિષ્ટ ઉદાહરણીય કથાનું આલેખન આપણે કોડિયુંના સુજ્ઞ વાચકો સમક્ષ લોક દીવડા કોલમ અન્વયે પ્રસ્તુત કરવા જઈ રહયા છીએ ત્યારે સંસ્થાના સ્થિર, પ્રકાશવંત દીવડાઓએ સર કરેલા કેટલાક કિર્તીમાન ક્ષેત્રો–પ્રદેશોની અહીં સંક્ષિપ્ત ચર્ચા આપણે કરવી છે.

**૧. વિશ્વશાંતિની ગુરુકિલ્લી સમાન શિક્ષણ :**

આપણા પ્રયોગશીલ, પુરષાર્થી, પરિણામલક્ષી સેંકડો વિદ્યાર્થીઓ પ્લે સેન્ટર–બાલ મંદિરથી માંડીને પીએચ.ડી. સુધીનું શિક્ષણ શાળા–મહાશાળા, તાલીમ કેન્દ્રો, વિશ્વવિદ્યાલયોમાં આપી રહયા છે. કેટલાકે યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર કે વાઈસ ચાન્સેલર પદે આરૂઢ થઈને વહીવટમાં પણ પોતાની કાબેલિયત પુરવાર કરી છે. જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને જિલ્લા શિક્ષણાધિકારી, ગુજરાત રાજયના પ્રૌઢશિક્ષણ નિયામક કે માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપાધ્યક્ષ તરીકેના હોદ્દા પર પણ બિરાજમાન થયા છે. અસંખ્ય મિત્રો એવા પણ છે જેમણે દૂર્ગમ–પહાડી–પછાત–આદિવાસી વિસ્તારમાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપી તેના વિશ્વકર્મા બન્યા છે.

**૨. ગ્રામવિકાસ–સ્વૈચ્છિક સંસ્થાઓ–સામાજિક સંગઠનો :**

કૃષિ, પશુપાલન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાની નામાંકિત બે અગ્રગણ્ય સંસ્થાઓ ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (બાયફ), ગ્રીસર્વ તેમ જ આગાખાન રુરલ સપોર્ટ પ્રોગ્રામથી માંડીને મહિલા આર્થિક વિકાસ નિગમ, એક્સલ ક્રોપ કેર, એગ્રોસેલ, સરદાર સરોવર પુનર્વસવાટ એજન્સી, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, સર્વોદય યોજના, સારથી, ઉન્નતિ, ગણતર, માહિતી, અલ્ટ્રાટેક, ટોરેન્ટ, કૃભકો જેવી કોર્પોરેટ ક્ષેત્રની કંપનીઓના સોશ્યલ રિસ્પોન્સિબિલીટી વિભાગમાં લોકભારતીના અસંખ્ય સ્નાતકો–અનુસ્નાતકો ગૌરવપૂર્ણ યોગદાન આપી રહયા છે, વળી રાજય સરકારમાં પંચાયત મંત્રી, ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, કૃષિ અધિકારી, બીજ નિગમઅધિકારીથી પ્રારંભીને તાલુકા વિકાસ અધિકારી કે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુધીના યાત્રિકોની સંખ્યા પણ ગણનાપાત્ર રહી છે. કેટલાક સામાજિક નિસ્બત ધરાવનારાઓએ લોકસહયોગથી ગુજરાત ઉપરાંત આસામના આદિવાસી બોડોલેન્ડ પ્રદેશમાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓનું નિર્માણ કર્યું છે.

**૩. સહકાર – પંચાયત – રાજનીતિ :**

સ્થાનિક લોકસ્વરાજની પાયારૂપ સંસ્થાઓ ત્રિસ્તરીય પંચાયતી રાજ, ગ્રામ–તાલુકા–જિલ્લા પંચાયત, સહકારી મંડળી, જિલ્લા–રાજય સંઘ, ડેરી, બેંક તેમ જ ધારાસભા–લોકસભા સુધી લોકભારતીના વિદ્યાર્થીઓએ પોતાનું અનન્ય, નિડર નેતૃત્વ પૂરું પાડયું છે.

૪. ખેતી–બાગાયત–નર્સરી–પશુપાલન–સ્વતંત્ર વ્યવસાય :

નાના અને મધ્યમવર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓની ઉદ્યમશીલતા, સાહસિકતા સિમિત હોવાથી આ ક્ષેત્રે પદાર્પણ કરનારાઓની સંખ્યા મર્યાદિત રહેવાની. તેમ છતાં તેમણે જે વ્યવસાયો પસંદ કર્યા છે તેની રસિક યાદી છે : હીરા ઉદ્યોગ, પાવરલૂમ, ઓઈલ મીલ, બાંધકામ ઉપરાંત વકીલાત, કરાટે, કુદરતી ઉપચાર, ભૂગર્ભ જળ સંશોધન, મેનેજમેન્ટ ટ્રેનિંગ, ફોટોગ્રાફી, ચિત્રકામ, લોક ડાયરો, પત્રકારત્વ, પ્રકાશન, ધાર્મિક વિધિ વગેરે.

ખેતી અને પશુપાલનને માત્ર વ્યવસાય તરીકે અપનાવવાને બદલે પ્રયોગલક્ષી સજીવખેતી, મૂલ્ય સંવર્ધિત રૂપાંતરણ, ટપક સિંચાઈ પદ્ધતિ કે દેશી જાતોની ગાયોના સંવર્ધન માટે મથામણ કરનાર વિરલાઓ પણ દૃષ્ટિગોચર થાય છે.

૫. રાજ્ય સરકાર–બેંકિંગ :

કેટલાક ઉચ્ચ અભ્યાસ કરીને જાહેર પરીક્ષા પસાર કરી સમાજકલ્યાણ વિભાગના જિલ્લા કે રાજ્ય કક્ષાના નિયામક, ડેપ્યૂટી કલેક્ટર થયા છે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, પોસ્ટ ઓફિસ, ટેલિફોન, રેલ્વે, જિલ્લા જેલ, પોલીસ, પૂરવઠા અને વિજિલન્સ વિભાગ, રાષ્ટ્રીયકૃત–ખાનગી બેંક વગેરેમાં પ્રામાણિક ફરજ બજાવનારાઓની સંખ્યા અગણિત છે.

સમાપન :

લોકભારતીરૂપી વિશાળ વૃક્ષના મિષ્ટ, મધુરાં ફળ સમાન સંતાનોએ જે પાંચ પ્રમુખ ક્ષેત્રોમાં પ્રદાન કર્યું છે તેના ઉપરથી સ્પષ્ટ થાય છે કે આજથી સિત્તેર વર્ષ પૂર્વે ડો. રાધાકૃષ્ણન કમિશને ગ્રામવિદ્યાપીઠ અંગે જે પરિકલ્પના સેવી હતી તેને સાકાર સ્વરૂપ આપવામાં સંસ્થાએ યત્કિંચિત પરીણામલક્ષી પ્રયોસો કર્યા છે.

●---------●●●--------●●●---------●

૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલાનગર ચાર રસ્તા, સમા, વડોદરા–૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦

શિક્ષણનો હેતુ ભણનારાને ભાવિ જીવન માટે તૈયાર કરવાનો છે. ભણનાર ભાવિ જીવનમાં માત્ર ગોઠવાય એટલું જ નહીં, પણ ભાવિ જીવનને તે યોગ્ય વળાંક પણ આપી શકે તે તેનો પ્રધાન હેતુ છે. માણસની વિશિષ્ટતા પરિસ્થિતિને તાબે થવામાં નથી, પણ પરિસ્થિતિને વળાંક આપે તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં છે. આ માટે સૌથી મહત્ત્વનો સંસ્કાર તેનામાં એ હોવો જોઈએ કે તે કુદરતનું કે કોઈનું સોગઠું, સાધન કે ઉપાદાન નથી.

મનુષ્યના ચરમોત્કર્ષ માટે આ સૌથી પહેલી શરત છે. જો રાજકારણ શિક્ષણમાં વારેવારે દખલ દે તો આ પહેલી શરત પૂરી પડતી નથી. લોકશાહીમાં આમ હરગિજ ન થવું જોઈએ. કારણ કે લોકશાહીનું ધ્યેય જ તેનો નાગરિક પરિસ્થિતિનો શાણો ને તટસ્થ ન્યાયાધીશ થાય તેવું કરવાનું છે. મતદાનનો હક્ક આ સિવાય બીજું કશું નથી. મતદાતા આ કરી શકે કે નહીં તેનો આધાર તેને કેવું શિક્ષણ મળ્યું છે તે પર છે.

આપણા દેશમાં અન્નની કમી છે, ઐક્યની કમી છે, તે જેટલું ચિંતાજનક છે; તેનાથી શિક્ષણ બદલાતા રાજકારણનું સાધન બની જાય તે વલણ ઓછું ચિંતાજનક નથી.

(સર્વોદય અને શિક્ષણ : મનુભાઈ પંચોલી)

## જ્ઞાન એટલે સ્વનો સમસ્ત સુધી થતો વિસ્તાર

**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

'કોડિયું' જેનું મુખપત્ર છે તે લોકભારતીની સ્થાપના ૨૮ મે ૧૯૫૩માં બુદ્ધપૂર્ણિમાના દિવસે થઈ હતી. આ બુદ્ધપૂર્ણિમાએ લોકભારતીની સ્થાપનાને ૬૮ વર્ષ થશે.

દર્શક શતાબ્દીવર્ષે, આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષણવિદ્ ડૉ. રવીન્દ્રભાઈ દવેએ એ વર્ષની નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાનાં બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ડૉ. દવેએ 'આજીવન શિક્ષણ'ને જીવનના સશક્તિકરણ અને પ્રદીપ્તિકરણમાં ટોચના સ્થાને પ્રસ્થાપિત કર્યું છે. એમના એ માપદંડ પર લોકભારતી કેટલી ખરી ઊતરી હશે કે તેમણે જાહેર કર્યું કે 'લોકભારતી ગ્રામવિદ્યાપીઠ હવેથી વિશ્વલોકભારતી જ કહેવાવી જોઈએ.'

લોકભારતીનું પૂરું નામ છે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ. ગ્રામવિદ્યાપીઠ માત્ર ગામડાંઓને જ લાગુ પડતી સંકલ્પના નથી. તેના પાયામાં જીવનને અને માણસજાતને સમ્યક, સાચા અર્થમાં સમૃદ્ધ, સમરસ અને સંપોષક બનાવવાની વાત છે. તેની દૃષ્ટિ આપણા દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ સ્થિર અને ટકાઉ વિકાસ - 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' - પર છે.

પ્રાચીનકાળથી આજ સુધી માણસનો સંકલિત, સમ્યક અને સંપોષક વિકાસ કેમ કરવો એ એક પ્રશ્ન રહ્યો છે. વેદોએ તેની જ કેળવણી આપી. ભગવાન બુદ્ધે પણ એ જ કર્યું. આપણા યુગમાં મહાત્મા ગાંધી એ જ કરી ગયા.

બુદ્ધે વેદકાલીન પરંપરાથી એક પગલું આગળ જઈ આ કેળવણી જનસામાન્યને સમજાય એવી, ત્યારની બોલચાલની પાલી ભાષામાં આપી. શિષ્યો તૈયાર કર્યા, સંઘ તૈયાર કર્યો. સ્ત્રીઓને, ઓછું જાણનારાઓને, પાછળ રહી ગયેલાઓને સાથે લીધા. કેવી સુંદર અને સર્વસમાવેશક હશે એ ફિલોસૉફી જેને અનેક દેશોએ અપનાવી. જાપાનમાં સોકા ગાક્કાઈ નામનો બૌદ્ધ સંપ્રદાય કહે છે કે દરેક માણસમાં એક પશુ છે અને એક બુદ્ધ છે, કારણ કે બુદ્ધ કોઈ વ્યક્તિ નથી, એ એક અવસ્થા છે. દુઃખોને, એનાં કારણોને, તેના ઇલાજને શોધવા સમજવા માટે મહાભિનિષ્ક્રમણ કરવાની જેની તૈયારી હોય તે દરેક પોતાને એ અવસ્થાએ લઈ જઈ શકે. ઈસુએ પોતાના જીવનથી શીખવ્યું કે દરેક માણસે પોતાનો ક્રોસ પોતે જ ઉપાડવાનો હોય છે, તેમ બુદ્ધે પોતાના જીવનથી એ શીખવ્યું કે દરેકે પોતાનું મહાભિનિષ્ક્રમણ પોતે જ કરવાનું હોય છે. મહાત્મા ગાંધીએ શીખવ્યું કે દરેક માણસ જ્યાં હોય ત્યાંથી ઊઠીને ઊભો થઈ શકે અને સત્ય - અહિંસાના માર્ગે અન્યાય સામે યુદ્ધે ચડી શકે.

વેદથી અને બુદ્ધથી હજી એક પગલું આગળ જઈ ગાંધીજીએ ગામડાંમાં જવાની, છેડેના ને છેવડાના માણસ સુધી પહોંચવાની વાત કરી. ગ્રામાભિમુખ હોવું એટલે ગામડાને સમજવું. જ્યાં એક સૌનો હોય અને સૌ એકમાં ભળી શકતા હોય એ સંસ્કૃતિની ઊર્જાને જગાડવી અને યોગ્ય દિશામાં પ્રયોજવી. લોકભારતી આ કરે છે. આ બધી કેળવણીના ક્ષેત્રમાં થયેલી ક્રાંતિઓ છે. કેળવણી આપનારે બૌદ્ધિક ક્રાંતિકારી હોવું અનિવાર્ય છે. એવી ક્રાંતિ જે માત્ર પોતાની સિદ્ધિ પૂરતી સીમિત ન હોય, સ્વને સમસ્ત સુધી પહોંચવા સક્રિય કરતી હોય. કેવી હશે લોકભારતીના આદ્યસ્થાપકોના હૃદયમાં પ્રજ્વળતી ક્રાંતિજ્યોત કે છેક

૧૯૩૮માં આંબલામાં શાળા શરૂ કરી તેઓ તેને માટે ગામડાંઓમાં ફરી બાળકો શોધવા નીકળતા હશે! ત્યાંથી શરૂ થયેલી યાત્રા આજે લોકભારતી-સણોસરા, મણાર અને માઈધારમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ, ખેતી-પશુપાલનને લગતાં સંશોધનો અને તેના વ્યાવસાયિક પાસાંને લગતાં અનેક પાયાનાં કાર્યો કરી રહી છે.

બુદ્ધત્વ પ્રાપ્ત થયા પછી બુદ્ધ અટક્યા નથી. બીજાઓને પણ દુઃખમાંથી કાઢવા આખી જિંદગી કામ કર્યું. પણ તેમની ભૂમિકા ઉદ્ધારકની નહીં, માર્ગદર્શકની છે. ઉદ્ધાર તો પોતે જ પોતાનો કરવાનો છે. એટલે જ 'સિદ્ધાર્થ' નવલકથાનો નાયક બુદ્ધને કહે છે, 'મને જ્ઞાન આપો.' ત્યારે બુદ્ધ કહે છે, 'એ હું ન આપી શકું. હું તને માત્ર એટલું કહી શકું કે મને એ કેવી રીતે મળ્યું.'

ભગવાન બુદ્ધ એમના યુગના મહાન કેળવણીકાર હતા. કિસા ગોતમીને રાઈના દાણા લેવા મોકલી તેમણે મૃત્યુની અનિવાર્યતા જે રીતે સમજાવી તે અદ્ભુત છે. લોકોને પણ પૂછે છે, 'તમે નેવું વર્ષના વૃદ્ધો જોયા છે? જીર્ણ, ઝૂકેલા, શિથિલ વૃદ્ધોને? એમના કરચલીવાળા, દાંત વિનાના ચહેરા જોઈ તમને કદી એમ થયું છે કે આપણા શરીરનો પણ એક દિવસ આવો જ ક્ષય થશે? તમે એવા વ્યાધિગ્રસ્ત લોકોને જોયા છે જે કોઈના આધાર વિના પોતાના શરીરની સફાઈ પણ ન કરી શકતા હોય? એમની પીડા જોઈને તમને કદી એવો વિચાર આવ્યો છે કે તમે પણ આમ બીમાર થઈ શકો? અને તમે કોઈ શબ, મૃત્યુના બે દિવસ થયા પછીનું કોઈ શરીર જોયું છે? ફૂલેલું, ફિક્કું, વાસ મારતું એ શરીર જોઈ તમને કદી એવું થાય છે કે તમારું શરીર પણ આવું જ નાશવંત છે? તમને એ યાદ રહે છે કે તમે આ બધાથી બચી શકવાના નથી?'

આવા કઠોરપ્રશ્નો કરીને એમને આઘાત આપવામાં નહીં, ક્ષુદ્રતાઓ અને ક્ષણિકતાઓ વચ્ચે મહાલતા જીવને જગાડવામાં રસ છે. તેઓ કહે છે, સત્ય જ એકમાત્ર મુક્તિદાતા છે. સત્ય પર જ આસ્થા રાખો, તેના માટે જ ઉદ્યમ કરો અને તેને જ સ્નેહ કરો. જે જાગ્રત છે તેને દુઃસ્વપ્નો ડરાવતા નથી ને પૂર્ણ સંયમિત 'સ્વ' જેવું બીજું કોઈ શરણ નથી કારણ કે પોતાની સ્થિતિ માટે માણસ પોતે જ જવાબદાર છે.

આ પોતાની સ્થિતિ માટે પોતે જ જવાબદાર હોવાની વાત ખૂબ સુંદર છે. ઘણાખરા ધર્મોનું એને અનુમોદન પણ છે. તમારું જ કર્મ, ને તેનાં ફળ પણ તમારાં. તમે જ કારણ, તમે જ કાર્ય, તમે જ પરિણામ. તમે જ ભાગ્ય ને તમે જ ભાગ્યવિધાતા. એટલે બધી મહેનત પોતાને વધુ ને વધુ શુદ્ધ અને સમજદાર બનાવવા માટે કરવાની છે. આમ છતાં આ સ્વાર્થ નથી કારણ કે જેમ માણસ શુદ્ધ અને સમજદાર બનતો જાય તેમ તેના સ્પંદનો વધારે કલ્યાણકારી બને અને તે સમાજને વધારે ઉપયોગી થવા માટે જ પ્રેરાય.

જાપાનના સોકા ગાક્કાઈ બુદ્ધિઝમમાં દસ વિશ્વ - ટેન વર્લ્ડનો વિચાર છે. આ દસ વિશ્વ તે હેલ, હંગર, એનિમલિટી, એંગર, હ્યુમાનિટી, હેવન, લર્નિંગ, રિયલાઈઝેશન, બોધિસત્ત્વ અને બુદ્ધ. આ દસ વિશ્વો દરેક માણસની અંદર રહેલાં છે અને માણસ એમાં આવ-જા કરતો રહે છે. એક પળે ક્રોધ આવે, બીજી પળે શાંતિ હોય, ત્રીજી પળે પ્રેમ આવે ને ચોથી પળે ઈર્ષા. વળી પાંચમી પળે તે કોઈના કલ્યાણની કામના કરતો પણ હોઈ શકે! આ વિશ્વો તે ખરું જોતાં મનની વિવિધ અવસ્થાઓ છે.

મન એક અવસ્થામાંથી બીજી પર પહોંચ્યું એટલે હવે ત્રીજી અવસ્થામાં જ જશે એવું નથી. પહેલી પર પાછું પણ જાય. વળી છઠ્ઠી કે સાતમી અવસ્થા પર જાય ને પાછું બીજી કે ત્રીજી અવસ્થામાં પાછું ફરે. આ ચડ-ઉતર સતત ચાલતી રહે છે. એટલે મન ઉચ્ચતા તરફ સ્થિર ગતિ કરતું રહે એ

**(અનુસંધાન પાના નં. ૪૩૫ ઉપર)**

## તંતુ લંબાવતા રહીએ...
### મનુભાઈ પંચોળી 'દર્શક'

મને એવું લાગ્યું છે કે શિક્ષણના હરેક તબક્કે જરૂરી છે કૌટુંબિક સ્નેહ અને પ્રકૃતિનો સંપર્ક. આનું રસાયણ પુસ્તકને સમજવાની, તેનાં રહસ્યો ખોલવાની ચાવી આપે છે. ગામડાંની નિશાળોમાં તો આ મુશ્કેલી જ નથી. તેનાં હરિયાળાં મેદાનો, તેની ફૂલવાડીઓ, તેની ટેકરીઓ અને તેનાં તળાવો વાટ જોતાં પડ્યાં છે. એનું વિજ્ઞાન અને કૌટુંબિક સ્નેહ જો શિક્ષક ન આપી શકે, ન સર્જી શકે તો તેણે લોખંડ બજારમાં જવું જ સારું.

લોકશિક્ષકોએ ગણ્યાં વર્ષોમાં ભારે કામ દીધું છે. જિંદગીનાં લેખાં સમયથી નથી થતાં, પણ ફેલાયેલી ખુશબોથી થાય છે. આનો અર્થ એવો નથી કે ભૂલ નથી થઈ કે ગોથું નથી ખાધું, થઈ છે. હરકોઈ નવા ક્ષેત્રમાં જાય ત્યારે થાય જ. સલામ એવાની હિમ્મત, દિલાવરી, લોકાભિમુખતા અને નમ્રતાને છે.

એવો પ્રશ્ન જરૂર થાય કે એમણે જે કર્યું તે પછીનાં વર્ષોમાં તેવું જ રહ્યું છે ખરું? અને જો એમ ન હોય તો આ બધી ઝંઝટ, દોડધામ, ઊથલપાથલનું મૂલ્ય શું? દુનિયા તો આમ જ ચાલી છે ને ચાલશે. તેમાં પડી આપણે આત્મકલ્યાણનો માર્ગ શા માટે ચૂકી જવો?

આવા પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. મને પણ થયા છે, પણ એ જ દલીલને આગળ લંબાવીએ તો પૂછી શકાય કે 'ગાંધીથી શું થયું ?' ભાગલાં પડ્યાં, લાખો નિર્દોષોની નિર્દયીઓએ હત્યા કરી, હિંદુ-મુસ્લિમ ઐક્ય એમનું સ્વપ્ન, કોમી એકતા માટેનાં એમના ઉપવાસ અને આજેય દેશની આ દશા? નર્યો ભ્રષ્ટાચાર!

તો શું લોકસંગ્રહનાં, લોકકેળવણીનાં કામો છોડી દેવાં? મનુષ્ય શું ઉખર ભોંય જેવો છે? તેમાં કોઈ બી ઊગતાં જ નથી?

એ વાતનો ઈન્કાર થઈ શકે તેમ નથી કે ઘણીયે વાર સદાચરણ, સદવિચારનો પરાજય થયો છે. તે બૂરી રીતે હારેલ છે. ઠેકડી થઈ છે ખુદ ઈશુની, વધસ્તંભે; પણ એ વાતનો પણ ઇકાર થઈ શકે તેમ નથી કે હરાવનારા, ઠેકડી કરનારા, સમગ્ર જગતને, સરવાળે સમગ્ર કાળને લેખામાં લઈએ તો ઓછા જ થયા છે, પણ એવું ત્યાં અને ત્યારે જ બની શક્યું છે જ્યારે સારા માણસોએ પોતાને સંગઠિત અને સતત ક્રિયાશીલ રાખ્યા છે, અને કબરમાંથી પણ પોતાની વાત કહ્યે રાખી છે.

પણ ઇતિહાસ અને સમાજશાસ્ત્રના વાંચનાર તરીકે મને એવું લાગે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે. વાળ કે ચામડીના રંગની જેમ આનુવંશિક સંસ્કાર નથી. તે વાળ અને ચામડીના રંગની જેમ આપોઆપ વારસામાં આવતા નથી. તે માટે સંસ્કારવારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. કશું નિષ્ફળ નથી જતું એ જેમ સાચું છે તેમ એ પણ સાચું છે કે સંસ્કાર જાળવણી અને માવજતની વ્યવસ્થા વિના સફળતા મળતી નથી. આગલો પ્રયત્ન ઝાંખો પડે છે કે ભૂંસાઈ પણ જાય છે.

ઉપનિષદના ઋષિઓ જ્યારે સ્નાતક વિદ્યાર્થીને વિદાય સંદેશ વખતે આજ્ઞા આપતા કે પ્રજાતંતુ લંબાવતો

રહેજે, કાપતો નહીં ત્યારે તેનો અર્થ કેવળ લોહીની પ્રજાનો તંતુ નથી, પણ પ્રજાને આપવાના સંસ્કારોનો તંતુ તેવો પણ છે. આ વિના પરિણામે મીંડું જ રહે.

આ કારણે જ કેળવણી કે સંસ્કારપ્રદાનનું મહત્ત્વ છે, પછી ભલે તે કુટુંબ મારફત અપાય; સાહિત્ય, સત્સંગ કે પ્રવાસ મારફત અપાય; પણ તે પ્રાપ્તસંસ્કાર છે. બહુ બહુ મહેનત - મંથન – સંશોધનને અંતે એ હાથ આવે છે, અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

પણ માનીએ કે આવું કરવાનું કેટલોય કાળ અટકી ગયું, પણ તેથી પેલો વિચાર સાવ નાબૂદ નથી થતો. કોઈ કર્મનો સાવ નાશ થતો નથી, તો સત્કર્મનો પુણ્યલોપ કેમ થાય? ભોંયમાં વરસાદની આશાએ પડી રહેલ બીની જેમ આ સંસ્કારની છાપ સૃષ્ટિના ગૂઢ આંતરમનમાં પડી રહે છે અને વરસાદ પડતાં એ પ્રગટે છે. આપણે પાણી ટોવાનું બંધ ન કરીએ, સહમતિ વધાર્યા કરીએ.

હા, સાચી વાત આપોઆપ જીતી જાય છે તે પણ ઘણાં પરિસ્વપ્નોમાંનું એક રૂપાળું પરિસ્વપ્ન છે. આપોઆપ કશું થતું નથી. કર્મસાતત્ય – સાવધસ્મૃતિથી કર્મસાતત્યથી ઈષ્ટ સિદ્ધ થાય છે, ભલે લાંબે ગાળે.

- મનુભાઈ પંચોળી 'દર્શક' (સદભિ : સંગ :)

**(અનુસંધાન પાના નં. ૪૩૩ ઉપરથી)**

અગત્યનું છે. તેને માટે ઘરમાં રોજ ઝપટ-ઝૂપટ અને ઝાડુ-પોતું કરીએ છીએ તેમ મનને પ્રાર્થનામય રાખવાનું છે. પ્રાર્થનાનો અર્થ અહીં માગણી કે સ્તુતિ નથી, પ્રાર્થના મનને એકાગ્ર અને અમલિન રાખવા માટેની કેળવણી છે. એવું મન પછી એવાં કર્મો તરફ જ જશે જે યોગ્ય અને હિતકારી હોય.

એક નિરીક્ષણ રસપ્રદ છે. ભગવાન વિષ્ણુના દસ અવતારમાં નવમો અને ચોવીસ અવતારોમાં ત્રેવીસમો અવતાર તે બુદ્ધાવતાર ગણાય છે. દસ અવતારમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ આ ક્રમ ઉત્ક્રાંતિની રીતે પણ સમજવા જેવો છે. પૃથ્વી પર પહેલા જળનાં, પછી જળ-સ્થળ બંનેમાં રહેતાં ને તે પછી જમીન પર રહેતાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. ત્યાર પછી પશુમાનવ ને તે પછી માનવ. ક્રમે ક્રમે તેનો ગુણવિકાસ થતો ગયો અને તે હિંસકમાંથી સૌમ્ય, પ્રેમસ્વરૂપ, નિપુણ અને કલ્યાણકારી બન્યો. વિકાસનો આવો જ ક્રમ ચોવીસ અવતારોમાં પણ જોવા મળે છે. આ દસ અવતારને આધ્યાત્મિક વિકાસના સોપાનો તરીકે પણ જોઈ શકાય એમ છે.

ભગવાન બુદ્ધ કહે છે, જીવનનું લક્ષ્ય આનંદ છે. દુઃખોથી મુક્ત રહેવું હોય તો પવિત્ર જીવન ગાળો. જે જન્મ્યું છે તે લીન થવાનું જ છે. અહંકાર અને તૃષ્ણામાં રાચશો નહીં. ભય રાખશો નહીં. જેનું મન કામનાઓથી લિપ્ત નથી, ઘૃણા કરતું નથી, જેણે શુભ-અશુભ બન્નેનો પરિત્યાગ કર્યો છે તે જાગરુક વ્યક્તિને કોઈ ભય હોતો નથી. જે જાગ્રત છે તેને દુઃસ્વપ્નો સતાવી શકતાં નથી. એ જાણતો હોય છે કે ભલે સાપ જેવી દેખાય, છે તો રસ્સી – કંપવાની જરૂર નથી.

બુદ્ધ કહે છે, 'સ્વ' અને 'હું' એ બન્નેમાં ફરક છે. જે 'સ્વ'ને જાણે છે અને 'હું'ની પરવા કરતો નથી તેને અનંત શાંતિ મળે છે. 'જે સ્વને ચાહે છે તે સ્વની સુરક્ષા કરતા શીખી જાય છે. સ્વ જ સ્વનું શરણ છે. એક પૂર્ણ સંયમિત સ્વ દ્વારા વ્યક્તિ એવો આશ્રય પામે છે જે દુર્લભ હોય છે. સ્વ જ સ્વને પવિત્ર કે અપવિત્ર કરી શકે છે; બાકી કોઈ, કોઈ બીજાનું કશું સુધારી કે બગાડી શકતું નથી.'

આ શબ્દો અંદરના આકાશમાં સતત પડઘાતા રહો...

## ૧૨. મરક- મરક

**મરક - મરક**
**માર્ક ટ્વેઈન**

---

- માણસને એની માન્યતાઓ માટે આદર મળે છે, જ્ઞાન માટે ટીકા.
- હું તેની અંતિમક્રિયામાં ગયો નથી, પણ મેં મારો સમર્થનપત્ર મોકલી આપ્યો છે.
- હું સ્વર્ગની કે નરકની તરફેણ કરતો નથી, મિત્રો બન્ને જગ્યાએ છે.
- તમે બહુમતીના પક્ષે છો? અટકો ને વિચારો. આવા વખતે એમ કરવાની જરૂર સૌથી વધારે છે.
- સફળ થવા માટે બે ચીજ જોઈએઃ અજ્ઞાન અને આત્મવિશ્વાસ.
- મૂર્ખ માણસ સાથે દલીલ કરવી નહીં. તે તમને તેના સ્તર પર ઘસડી જશે અને પછી અનુભવી હોવાના કારણે હરાવી દેશે.
- લોકોને તેઓ મૂર્ખ બન્યા છે તેવું ગળે ઉતરાવવા કરતાં મૂર્ખ બનાવવા સહેલા છે.
- ઈતિહાસ લખનારી મૂળ શાહીનું નામ છે પ્રવાહી પૂર્વગ્રહ.
- સેન્સરશીપ એટલે એવું કહેવું કે આ શેરડી તમે ન રાખી શકો; કેમ કે બાળકો તેને ચાવી ન શકે.
- માણસ વિશે જેમ વધુ જાણતો ગયો તેમ હું મારા કૂતરાને વધારે ચાહવા લાગ્યો.
- શ્રીમંત ગરીબને લૂંટે તો તે બિઝનેસ છે, ગરીબ તેમ કરે તો તે હિંસા છે.
- લોકોને માનવા દો કે તમે મૂર્ખ છો. તેમની શંકાઓ નિર્મૂળ થઈ જાય તે કરતાં મોં બંધ રાખવું સારું.
- નેતાઓ અને લંગોટ વારંવાર અને એક જ કારણથી બદલાવા જોઈએ.
- ભૂખ્યા કૂતરાને પેટ ભરીને જમાડશો તો તે કદી નહીં કરડે. માણસ અને કૂતરા વચ્ચેનો મૂળભૂત તફાવત આ જ છે.
- છાપું વાંચશો નહીં તો માહિતીથી વંચિત રહી જશો, જો વાંચશો તો સાચી માહિતીથી વંચિત રહી જશો.
- મિત્ર માટે જીવ આપવામાં મુશ્કેલી નથી. મુશ્કેલી જીવ આપી શકાય એવો મિત્ર શોધવામાં છે.
- બિલાડીને કદી લલચાવી કે ગુલામ બનાવી શકાતી નથી. માણસ સામો મળે તો બિલાડીને ચોક્કસ અપશુકન થાય.
- તંદુરસ્ત રહેવું એટલે ન ભાવતું ખાવું, ન ગમતું પીવું અને ન કરવું હોય તે કરવું.
- માણસ ચંદ્ર જેવો છે. પોતાની અંધારી બાજુ કદી કોઈને બતાવતો નથી.
- ક્લાસિક એટલે એવું પુસ્તક, જેને બધા વખાણે, પણ કોઈ વાંચે નહીં.
- દરેક સફળ પુરુષ પાછળ એક અને નિષ્ફળ પુરુષ પાછળ એકથી વધારે સ્ત્રી રહેલી હોય છે.

## ૧૩. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- તા.૦૪ના રોજ દિહોર સરકારી આયુર્વેદિક દવાખાનાના જાણીતા વૈદ્ય શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયા માઈધાર કેન્દ્રની મુલાકાતે અને બપોર પછી લોકભારતીની મુલાકાતે આવ્યા. લોકભારતીમાં તેઓએ વિદ્યાર્થીઓ સાથે રસપૂર્ણ રીતે માર્ગદર્શક વાર્તાલાપ કર્યો.
- તા.૦૫ના રોજ લોકભારતીની એક વિદ્યાર્થિનીને કોરોના પોઝીટીવ આવતાં સૌની ચિંતા વધી ગઈ અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને સૌ સંબંધિતો તાત્કાલિક એકઠા થયાં અને વિદ્યાર્થીઓને પોતપોતાના ઘેર મોકલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ નિર્ણય સમયસરનો અને વ્યાજબી ઠર્યો !
- તા.૦૭ના રોજ લોકભારતીના દરેક વિભાગોની વહીવટી-હિસાબી કામગીરી સંભાળતા કાર્યકરોનો એક અપડેટેશન વર્કશોપ યોજવામાં આવ્યો, તેમાં શ્રી અરુણભાઈ દવેએ માર્ગદર્શક બાબતો કહી. શ્રી રિતેશભાઈ પંડ્યાએ સંકલન અને તાલીમની ભૂમિકા અદા કરી.
- તા.૧૧ના રોજ જીસીઈઆરટીના નિયામક શ્રી ટી.એસ. જોશી સાહેબ લોકભારતીની મુલાકાતે આવ્યા અને અહીંથી શ્રી અરુણભાઈ સાથે 'નઈ તાલીમની સંસ્થાઓનું કોરોના કાળમાં દાયિત્વ' અંગેની વિચારણા કરવાની એક વર્ચ્યૂઅલ મિટિંગમાં ભાગ લીધો.
- તા.૧૪ના રોજ ૧૧-૩૦થી ૧૨-૩૦ દરમિયાન પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના મુખ્ય હોદ્દેદારો સાથે લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિને મળતાં વિધવિધ ફંડ-દાન-પ્રોજેક્ટ અંગેનું હિસાબી દૃષ્ટિએ સી.એસ.આર.ના કાયદાની જોગવાઈઓ મુજબ કઈ રીતે રીપોર્ટિંગ કરવાનું થશે તે અંગેની એક વર્ચ્યૂઅલ મિટિંગ યોજાઈ ગઈ, જેમાં લોકભારતીથી શ્રી અરુણભાઈ દવે તથા લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના નિયામકો અને હિસાબ સાથે સંકળાયેલા કાર્યકરોએ ભાગ લીધો.
- તા.૨૮ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની બેઠક મળી ગઈ અને તેમાં વહીવટી બાબતોના નિર્ણયો કરવામાં આવ્યા.
- તા.૨૮ના રોજ ભાઈઓ અને બહેનોના સમૂહ રસોડાંઓમાં વરાળથી રંધાઈ જતાં ત્રણ ત્રણ વાસણોના એકમો બેસાડવામાં આવ્યા. લોટ બાંધવાના મશીનો અને ગ્રાઈન્ડર પણ વસાવાયા છે.
- તા.૨, ૪ અને ૯ એમ ત્રણ દિવસ માઈધાર જઈને વિવિધ કાર્યક્રમો સંદર્ભે શ્રી અરુણભાઈ માર્ગદર્શન આપ્યું. તા. ૬એ ગ્રામશિલ્પીઓ સાથે 'ગાંધી વિચાર અને લોકશિક્ષણ' ઉપરનું, તા.૧૧મી એ વર્તમાનકાળમાં 'નઈ તાલીમ સંસ્થાઓનું દાયિત્વ' અને તા. ૧૨મીએ સૃષ્ટિ સંસ્થા દ્વારા આયોજિત વેબિનારમાં 'ગ્રામવિકાસમાં વિજ્ઞાનનું યોગદાન' વિષે વ્યાખ્યાનો આપ્યાં. વાચન-લેખન

અને ભાવિ કાર્યક્રમો સંદર્ભેના આયોજનો તૈયાર કરવામાં વ્યસ્ત રહ્યા.

**આંબલા સમાચાર**

- સરકારશ્રી તરફથી આવેલ પરિપત્ર મુજબ તા.૧૬ના રોજ વિદ્યાર્થીઓને શાળામાંથી ઘરે જવા માટે રજા આપવામાં આવી.
- તા.૦૨ના રોજ ધો.૦૯ના આંબલા ગામના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા યોજવામાં આવી, તેમાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પ્રવેશ પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી.
- મોજીલા શિક્ષણ પ્રોજેક્ટમાં શાળાઓમાં રજા હોવાથી 'શેરી શિક્ષણ કાર્યક્રમ' ચાલુ છે. આંબલાના બંને કાર્યકરો શ્રી મહર્ષિભાઈ તથા શ્રી કેતનભાઈ ખૂબ જ ઉત્સાહથી વિદ્યાર્થીઓને રસપૂર્વક પ્રવૃત્તિઓ કરાવે છે.

**મણાર સમાચાર**

- માર્ચ મહિનામાં લેવાયેલ ધો.૯થી ૧૨ની પ્રથમ સત્રાંત ઑફલાઈન કસોટીના પરિણામ પણ ઑફલાઈન જ આપવામાં આવ્યાં.
- શ્રી સુરસંગભાઈ ચૌહાણનાં પુત્રવધૂના થયેલ આકસ્મિક અવસાન નિમિત્તે લોકશાળા મણારના કાર્યકરો તેમના વતન મોટા સુરકા ગામે શ્રદ્ધાંજલિ પાઠવવા જઈ આવ્યા. મણાર મુકામે પ્રાર્થનાસભા દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.
- કોરોના સંક્રમણમાં વધારો થતાં સરકારની ગાઈડલાઈન મુજબ તા. ૧૭ના રોજ ધો.૧૦થી૧૨ના વિદ્યાર્થીઓને તેમના ઘરે મોકલવામાં આવ્યા. તેમ જ સરકારના જણાવ્યા પ્રમાણે ધો.૯ અને ૧૧ને માસ પ્રમોશન આપવાનું હોવાથી તેમના પરિણામ તૈયાર કરવામાં આવી રહ્યા છે.
- તા.૨૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ, મણારમાં પી.એચ.સી., મણારના મહિલા પ્રમુખ શ્રીમતી દિલુબેન મંગાભાઈ સોલંકી તેમ જ એન.એસ.એસ. યુનિટના સંયુકત ઉપક્રમે કોરોના રસીકરણના બીજા ડોઝ માટેનો કેમ્પ યોજાઈ ગયો.

માની લઈએ કે એક શિક્ષક ખરે જ સેવાનિષ્ઠ અને સમાજની અને શિષ્યની સુધારણા માટે ઉત્સાહી છે, પણ આ ઉત્સાહમાં તે વિદ્યાર્થીને મારે છે, ધમકાવે છે, હીણો પાડે છે, લાલચ આપે છે કે ખોટી હકીકતો આપે છે. તેની દલીલ એ છે કે આ કંઈ હું મારા ખાતર કરતો નથી, વિદ્યાર્થીનું ચારિત્ર્ય ઘડાય, તે સમાજસેવા તરફ વળે ને એદી ન થાય તે જ મારો હેતુ છે.

તેના ધ્યેય વિશે બે મત નથી, પણ પરિણામ શું આવશે? વિદ્યાર્થીમાં ડરના, દબાણના, લાલચના, ચૂપ રહેવાના કે હકીકતો મારવા-મચડવાના સંસ્કાર પડશે.

અને બીજો શિક્ષક સેવા વગેરેનું ધ્યેય ન રાખતો હોય પણ ભણાવતી વખતે શીખવતી વખતે ધીરજ ન ખુએ, વિદ્યાર્થીને હીણપત નહીં લગાડે, અધિકારથી નહીં પણ આત્મીયતાથી વર્તશે, વિદ્યાર્થીની વિચાર ને વિવેકશક્તિને ખીલવવાનું જ તેની નજર સામે રહેશે, ને તેનું લક્ષ્ય વિદ્યાર્થીમાં ચિકિત્સાવૃત્તિ અને સત્ય તરફનો અહોભાવ કેટલા જાગ્યા તે પર રહેશે, તો?

તેના વિદ્યાર્થીમાં માણસ તરીકેનું સત્ત્વ વિશેષ ખીલશે.

દરેક ક્ષેત્ર માટે આ વાત સાચી છે. સાચા સાધનની પસંદગીમાં સાચું ધ્યેય આપોઆપ પસંદ થઈ જાય છે.

(સર્વોદય અને શિક્ષણ : મનુભાઈ પંચોલી)




## વિશ્વભારતી તરફ લોકભારતીનું મંગલાચરણ - ૨

## વિદેશમાં વસતા ભારતીયો સાથે લોકભારતીનો મૈત્રી - સંવાદ
















To.


**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-